Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૪૧ • તા. ૧૦ ઑક્ટોબર ૨૦૧૬ થી ૧૬ ઑક્ટોબર ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17



## અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન પ.પૂ. ગુણોદયસાગરજીના ૮૫મા જન્મદિનની ઉજવણી નિમિત્તે ભાવભરી વંદના









## યતિવર્ય શ્રી મોતીસાગરજીની નિશ્રામાં નવરાત્રિ નિમિત્તે અચલગચ્છાધિષ્ઠાયિકા મહાકાલી માની સમૂહ પહેડી યોજાઈ











# અચલગચ્છાધિપતિશ્રીના ૮૫માં જન્મ દિવસની વધાઈ...

## સંઘપતિ બનીને લીધા લાભ સવાયા...
## શાશ્વત ગિરિરાજે દેવ-ગુરૂના ગુણલા ગવાયા...

## અભિનંદન... અનુમોદના... આશિર્વાદ... અવિસ્મરણીય કાર્યનાં...



સંઘપતિ શ્રી ચાંપશીભાઈનું બહુમાન કરતા શ્રી સમીરભાઈ



સંઘપતિ શ્રી સમીરભાઈનું બહુમાન કરતા શ્રી નયન ભેદા અને શ્રી જયેશ જૈન



ગુરૂપૂજન કરતા મુમુક્ષુ કુ. ભાવી

જિનશાસનમાં આપણી આરાધના ક્રમબધ્ધ ચાલે તે માટે અલગ અલગ તીથીઓ અને વિભિન્ન પર્વો ગોઠવાયેલા છે. તેમાંનુ મુખ્ય છે પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ. જેમાં શ્રાવકના પાંચ કર્તવ્યોની સુંદર સમજણ પૂજયશ્રી તરફથી આપણને દર વર્ષે પ્રાપ્ત થતી હોય છે. શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા (સાંધવ-લોખંડવાલા) પરિવાર અને માતુશ્રી સરલાબેન લક્ષ્મીચંદ નાગડા (નલીયા) પરિવારે આ પાંચ કર્તવ્ય પૈકી ચૈત્યપરિપાટી કર્તવ્યને ચાર-ચાર વર્ષથી અવિરતપણે કર્તવ્ય કરતાં રહ્યાં છે. અચલગચ્છાધિપતિ તપસ્વીદેવેશ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**નું ચાતુર્માસ જે જે સ્થળે હોય તે તે સ્થળે પૂજ્ય સાહેબજીના જન્મદિવસે ભાદરવા સુદ ૧૫ના જીવીસી સંઘના દરેક મેમ્બરોને દેવ અને ગુરૂના વંદનાર્થે લઈ જઈને પોતાની સંપત્તિનો સદ્‌વ્યય




ગીરીરાજને ભેટવા અને ગુરૂરાજના જન્મ મહોત્સવ માણવા તત્પર સંઘના શ્રાવિકાઓ



ગીરીરાજને ભેટવા અને ગુરૂરાજના જન્મ મહોત્સવ માણવા તત્પર સંઘના શ્રાવકો



મેદનીને સંબોધતા સંઘના પ્રમુખ શ્રી સમીરભાઈ



મુમુક્ષુ કુ. ભાવી રાજેન લોડાયા - સાંયરા



સંઘપતીઓ સાથે દિક્ષાનું મુહુર્ત લેવા આતુર દિક્ષાર્થી



વાજતે ગાજતે ગુણોદયપૂરમમાં પ્રવેશ



મુહૂર્ત પ્રદાન કરી રહેલ ગચ્છાધિપતીશ્રી

કરી રહ્યા છે. નવા નવા પરમાત્માના પૂજન-અર્ચન સાથે જીવીસી સંઘના શિરછત્ર, સૌના લાડીલા ગુરૂવરના દર્શન-વંદન આ બન્ને પરિવારો કરાવી રહ્યા છે. અમને પણ ગૌરવ છે કે આવા મહાન દાનવીર દાતા પરિવારો અમારા સંઘમાં છે. શ્રી જીવીસી જૈન સંઘ તેઓની ભુરી... ભુરી... જજી... જજી... અનુમોદના કરે છે. શાસનદેવો એ બન્ને પરિવારોને વધારેને વધારે તન-મન અને ધનની શક્તિ આપે અને શાસનના ગચ્છના સુંદર કાર્યો તેઓશ્રી કરતા રહે, એવી અમારી અભ્યર્થના... પ્રાર્થના...

આ વર્ષે તો આ ચૈત્યપરિપાટીમાં ચાર ચાંદ લાગી ગયેલા. કારણ કે અમારા જ સંઘના સક્રિય સભ્ય શ્રી રાજુભાઈ લહેરચંદ લોડાયા (સાંયરા)ના સુપુત્રી મુમુક્ષુ કુ. ભાવીબેન કે જેઓ મીતભાષી પ.પૂ. ચારૂલતાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ. ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના ચરણે જીવન સમર્પિત કરવા તૈયાર થયા છે. ત્યારે કુ. ભાવીબેનની દીક્ષાનું મુર્હુત પણ ખૂબ ઠાઠમાઠથી અમને પ્રાપ્ત થયેલ. નાના મોટા લગભગ ૧૫૦ જેટલા જીવીસી સંઘના આરાધકો આ અણમોલ ક્ષણના સાક્ષી રહ્યા હતા. આ બધા અને બધાનો લાભ તો ઉપરોક્ત બન્ને પરિવારના ફાળે જાય છે. જે માટે તે બન્ને પરિવારને શુભેચ્છા... શુભાશિષ... સદ્‌ભાવના સકળ શ્રી જીવીસી સંઘ વ્યકત કરે છે.

**ખીર વધાઈ... ખીર વધાઈ... ખીર વધાઈ...**

**લી.**

**શ્રી કચ્છી દશા ઓશવાલ જી.વી.સી. જૈન સંઘ**

**ઘાટકોપર**





ગચ્છાધિપતીશ્રીના વંદનાર્થે પધારેલ શ્રાવક-શ્રાવિકાઓ

UPASANA - 9820167767

શ્રી કચ્છી દશા ઓશવાલ વિધાર્થી સંઘ – મુંબઇ
Shree K.D.O. Students Association
Estd. 1954
63 Shree KDO Students Association

# Shubharambh / Navratri 2016

Let's get on the Floor

| | | |
|---|---|---|
| MAIN SPONSOR'S | MATUSHRI CHAMPABEN HANSRAJ DAGHA PARIVAR (VARADIA-MATUNGA) | SMT. PINKYBEN KAMLESH DHARAMSHI (JASAPAR-BHANDUP) |
| CO-SPONSOR'S | SHRI LAXMICHAND DHARSHI MOTA (LAKHANIYA-WADALA) | M/S. DV SHIPPING PVT. LTD. |
| | SMT. VIJAYABEN KOOVARJI HARSHI LODAYA PARIVAR (RAPAR GADHWARI-BHANDUP) | MATUSHRI DHANLAXMIBEN CHANDRAKANT LODAYA (VARAPADHAR-VAPI) BY KALPTARU ROADLINES, AVANI PRINT CARE |
| GIFT SPONSOR'S | JETHABHAI DOONGARSHI TRANSPORT CO. (MASJID BUNDER) | STITCH_ELL-SHRI SANDEEP NAVIN LODAYA (SANDHAV-MULUND) |

















## શ્રી કે.ડી.ઓ વિદ્યાર્થી સંઘ આયોજિત નવરાત્રિમાં તાંબડી રાંધ - થાલી રાંધ - મટુકડી - ગરબા અને દાંડીયા રાસની જ્ઞાતિ પરંપરા તાદશ્ય થઈ

શ્રી કે.ડી.ઓ. વિદ્યાર્થી સંઘ દ્વારા શનિવાર તા. ૨૪/૯/૨૦૧૬ના સાંજથી રાત સુધી ભાંડુપના ડ્રિમ્સ એસી બેંકવેટ હોલ ખાતે યોજાયેલ ''શુભારંભ નવરાત્રિ'' દાંડિયા રાસમાં ૧૫૦૦ સભ્યો અને હિતેચ્છુઓ સહભાગી થયા હતા. કેટલીક સ્પર્ધાઓ રાખીને વિજેતાઓને સ્પોન્સરરોના હાથે ઈનામો આપવામાં આવ્યા હતા. પ્રમુખ તેજસ મહેન્દ્ર ખોના અને મંત્રી કેનિલ જયેશ દંડના નેતૃત્વમાં આયોજનને સફળ બનાવવા કારોબારી સમિતિ તથા સંપર્ક સમિતિએ ખાસ જહેમત લીધી હતી.

મુખ્ય સ્પોન્સરર રૂપે માતુશ્રી ચંપાબેન હંસરાજ ડાઘા પરિવાર (વરાડિયા-માટુંગા) અને શ્રીમતી પિંકીબેન કમલેશ ધરમશી (જસાપર-ભાંડુપ) તેમજ કો સ્પોન્સરરૂપે શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા (લાખણીયા-વડાલા), ડીવી શીપીંગ, શ્રીમતી વિજયાબેન કુંવરજી હરશી લોડાયા પરિવાર (રાપરગઢવારી-ભાંડુપ), માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત લોડાયા (વારાપધરવારી-ડોંબિવલીથી આદિનો સહયોગ પ્રાપ્ત થયો હતો. ભેટો માટે જેઠાભાઈ ડુંગરશી ટ્રાન્સપોર્ટ કં. અને સ્ટીચએલના સંદીપ નવીન લોડાયા (સાંધવ-મુલુંડ) નો સહયોગ પ્રાપ્ત થયો હતો.


મહાવીર -માટુંગા સેલ • મહાવીર -માટુંગા સેલ

એમ્બ્રોઈડરી સાડીઓનું

ભવ્ય સેલ

૨૦% થી ૫૦% ડીસ્કાઉન્ટ

- હાથ અને મશીન પારસીગારા ૨૦%
- ફેન્સી સાડીઓમાં ૨૦%
- ટેસ્ટેડ કસબની સાડીઓ ૨૦%
- ટેસ્ટેડ ચણીયા ચોડીમાં ૨૦%
- કસબની તૈયાર બોર્ડરમાં ૨૦%
- પ્લેઈન સાડી મટેરીયલ ૨૦%
- ઓર્ડર થી બનાવીને મજુરી ઉપર ૨૦%
- ઓલ્ટરેશન ઉપર ૨૦%
- બાંધણી માટે ફેન્સી બોર્ડર ૨૦%

સાચી જરીની સાડીઓ ઘરચોળા સારા ભાવે વેંચાતા લઈશું.

કારીગરની સેમ્પલ સાડીઓ ઉપર ૪૦% થી ૫૦%

સેલ ટાઈમ : શનીવાર તા.૦૧-૧૦-૧૬ થી રવિવાર તા. ૩૦-૧૦-૧૬ દિવાળી સુધી દરરોજ

શ્રી મહાવીર'સ એમ્બ્રોઈડરી

રાજ નિકેતન બિલ્ડીંગ, ધનલક્ષ્મી અને એચડીએફસી બેંકની બાજુમાં, ફુલ ગલ્લી સામે, ભંડારકર રોડ, માટુંગા (સે.રે.), મુંબઈ-૧૯.

ફોન : ૨૪૦૨ ૫૦૭૦ મોબાઈલ : ૮૬૫૨૨ ૩૯૫૩૭

મહાવીર -માટુંગા સેલ • મહાવીર -માટુંગા સેલ


|| જય જય શ્રી અનંતનાથ || || જય શ્રી મહાકાલી માતા || || જય ગુરૂદેવ ||

પ.પૂ. ભટ્ટારક જૈનાચાર્ય શ્રી જિનેન્દ્રસાગરસૂરીશ્વરેભ્યો નમઃ

|| શ્રી મહાકાલી પ્રસાદાત્ શ્રી મુખ હુજૂર ||

## આભાર અનુમોદના ક્ષમાપના

શ્રી જિનેન્દ્ર જ્યોર્તિધામ મંદિર ભુજપુરના ઉપક્રમે ઘાટકોપર સ્થાને અચલગચ્છના મહાકાલી દેવીનું મહાપૂજન ભક્તિ ઉત્સવ ૨૧માં વરસના સહયોગી પરિવારો, દાતાઓ, ભાવિકોના સહયોગથી રવિવાર તા. ૨.૧૦.૨૦૧૬ ના ઉજવાયેલ. શ્રી અનંતનાથજી ટ્રસ્ટની ઉદારતાથી પૂજાની સામગ્રી મંદિર વપરાશ માટે આપવા બદલ અનુમોદના. મુંબઈ મહાજનત ટ્રસ્ટ, સંઘો, વિવિધ મહાજનો, મંડળોના પદાધિકારીઓ, અન્ય સમાજના આવેલ ભાવિકોનો આભાર.

ભક્તિ સંગીત માટે શ્રી કિશોર મનરાજા, શ્રી હંસકુમાર, શ્રી મુકેશ મૈશેરી કલાકારો, શ્રી દિલીપ, શ્રી જિતેન નાગડા ફાઈવ સ્ટાર કેટરર્સ તેમજ મુક સેવા આપનારા માના ભક્તો રાજુ, મનીષ, પ્રફુલ, શાન્તીલાલ, દીપક, નવીન, દીનેશ, પંકજ, વિશેષ આભાર અન્યો સાથે ખાસ માના વધામણે, બહારગામથી આવેલ સૌ ભાવિકોનો આભાર.

પરમપૂજ્ય તપસ્વી ગચ્છાધિપતિ, આચાર્યશ્રી, પૂજ્ય ગણિવર્યા, પૂ. સાધુ-સાધ્વીજી મ.સાહેબો, દેવ-દેવીના ભુવાઓ, જખના શ્રી રતનભા આદિ સૌને માનવંદના.

ભાવિકો વિશાળ હાજરી સંખ્યામાં મા પ્રત્યે શ્રધ્ધા ભાવથી દર્શન વંદન પ્રસાદ ભક્તિ ઉત્સવમાં શિસ્તબધ્ધ રીતે સહભાગી થઈ પ્રસંગની આન-બાન-શાન જાળવી આર્શીવાદ. અગવડ માટે મિચ્છામિ દુક્કડમ્.

તા. ૨૫.૯.૨૦૧૭ રવિવારના યોજનારા ૨૨માં ઉત્સવ માટે ભાવના ભણાવનારા સૌ પરિવારો, દાતાઓનો આભાર શુભેચ્છકો - દાતાઓ - ભાવિકો - જ્ઞાતિપત્રો - વર્તમાન પત્રો - પત્રિકા - મુંબઈ જ્ઞાતિના સંદેશ સહિત સૌના સહકાર માટે આભાર.

**૧ થી ૨૧ વરસના ઉત્સવની ૪ સેટમાં ઝલક સીડી યતિશ્રી તથા જિતેન દિલીપ નાગડા, મુલુન્ડ થી મળી શકશે.**

**યતિશ્રી મોતીસાગરજી શ્રીજી મહારાજ તથા શ્રી જિનેન્દ્ર જ્યોર્તિધામ મંદિર ટ્રસ્ટ તરફથી ક્ષમાપના અનુમોદના આભાર.**

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**

ડૉ. વેલજી પાસ્વીર ગોસર

**''સમીક્ષા''**

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

**''પ્રકાશ સમીક્ષા''**

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

સહ તંત્રી :

ચંદ્રસેન મોમાયા

મો. 9324618606

**સમિતિ સભ્યો**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા

રાયચંદ રતનશી નાગડા

શરદ કાંતિલાલ શાહ (નાગડા)

કેશરસિંહ આણંદજી ખોના

તિલકચંદ કુંવરજી લોડાયા

કિરીટ ખેતશી મુનવર

કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

હિરાચંદ દામજી દંડ

પંકજ પ્રતાપ શાહ

ચંદ્રસેન હીરાચંદ મોમાયા

શૈલેશ સનત્ શાહ

જયંત વિશનજી છેડા

**અંક નં. 41/2016**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.


## સર્જીકલ સ્ટ્રાઈક – પ્રવીણ લોડાયા (વડોદરા)

બેંગલોરમાં તા. ૮/૯ જાન્યુઆરી ૨૦૧૬ના કેડીઓ ગ્લોબલ સમીટનું સુંદર આયોજન થયું હતું. જ્ઞાતિનું સૌભાગ્ય છે કે એને આધાર-કાર્ડના પ્રણેતા શ્રી નંદન નિલેકેની જેવા ઉદ્‌ઘાટક મલ્યા.

આયોજનના દૃષ્ટા શ્રી તિલકભાઈ લોડાયા, બેંગલોર મહાજનના પ્રમુખશ્રી સતીશ શાહ, સેક્રેટરી શ્રી મિતેશ શાહ અને ખજાનચી શ્રીમતી હેમાબેન છેડા તેમજ બેંગલોર મહાજનના ઘણા સભ્યોની અથાક મહેનતથી આ કાર્યક્રમ સફળ થયો. ઈવેન્ટ પાર્ટનર શ્રી હંસ બી. ખીમજીના સહયોગથી આ કાર્યક્રમને ચાર ચાંદ લાગી ગયા.

પરંતુ દુઃખ સાથે કહેવું પડે છે કે આવા ભવ્ય સમારંભ પછી જે નવનીત (માખણ) નિકળવું જોઈએ તે નહીં નિકળ્યું. આયોજકોની ૬-૧૨ મહિનાની મહેનત, રાત-દિવસની જહેમત, ઉજાગરા બધા નિષ્ફળ રહ્યા. દિલમાં દર્દ થાય. સ્ટાર્ટઅપ માટે મારી જાણ મુજબ એક પણ યુવાન આગળ આવ્યો નહીં. (કદાચ હું ખોટો પણ હોઈ શકું.)

સર્જીકલ સ્ટ્રાઈક થી સ્ટાર્ટઅપનો પાકટ ઉકેલ નિકળી શક્યો હોત. વ્યક્તિ પોતાની સમસ્યા અંગે પરિપક્વતાથી વિચારે ત્યારે તે સર્જિકલ સ્ટ્રાઈક દ્વારા સમસ્યાનું સાહસ ખેડી શકે છે. સ્ટાર્ટઅપના ૨૦/૨૫ કિસ્સા જોવામાં આવ્યા. એક વિદ્યાર્થીનો દાખલો જોઈએ. ટાટા કેપીટલ્સ કંપની પાસેથી રોકાણ મેળવીને આ વિદ્યાર્થી આનંદ અરિબા ફૂડ પ્રાઈવેટ લિમિટેડના નામથી ફ્રોજન ઈન્ડસ્ટ્રીમાં પણ પ્રવેશ કર્યો છે. આજે આનંદના ચાર અલગ-અલગ બિઝનેસ છે, જેમાં પેપર, પેકેજિંગ, પ્લાસ્ટીક પેકેજિંગ, ફ્રોઝન ફૂડ અને પર્સનલ હાઈજિન પ્રોડક્ટસ્ નો સમાવેશ થાય છે. તેને ભારતના રાષ્ટ્રપતિ ૨૦૧૬ના આઉટસ્ટેન્ડિંગ એન્ટરપ્રાઈઝ એવોર્ડથી સન્માનિત કરશે.

આશરે ૧૦ હજાર સ્ટાર્ટઅપવાળા દેશ ભારતને હવે સન્માન અને તકોના દેશ તરીકે ઓળખવામાં આવે છે. મલ્ટીનેશનલ કંપનીઓમાં કામ કરવું, તેને આદર્શ માનનારાઓનો વર્ગ હવે નાનો થતો જાય છે, જેમ જેમ ફ્લિપકાર્ટ, મીડિયા ડોટ નોટ, જોમેટોની સફળતાની ગાથા યુવાનોના મનને પ્રેરિત કરી રહી છે તેમ તેમ મોડી રાતે તેમના મનમાં એકથી એક અનોખા આઈડિયા આવતા રહે છે.

સ્ટાર્ટઅપ કંપનીઓ અત્યારે દેશની લાડકી બની ગઈ છે. અને તે પરંપરાગત બજારોમાં ઝડપથી નવા ઈનોવેશન દાખલ કરી રહી છે. તેમની સફળતાએ બીજા ઘણા લોકોને આ ક્ષેત્રમાં પ્રવેશવા માટે પ્રેરિત કર્યા છે. પ્રોબ્લેમનું સોલ્યુશન જેનાથી મળે છે તે આઈડિયા સ્ટાર્ટઅપ બની શકે છે.

કોઈપણ આઈડીયાને જ્યારે રિયાલિટીમાં કનવર્ટ કરવામાં આવે તેના પહેલા પુરતું રિસર્ચ કરવું જોઈએ. અને તેના પરિણામ વિશે કોઈ પણ પ્રકારનું એક્સપેક્ટેશન ન રાખવું જોઈએ. પ્રોફિટની ચિંતા કર્યા વગર બેસ્ટ એફર્ટસ કરવા અને પરફોર્મન્સ આપતું રહેવું જોઈએ. રિસર્ચ કરવું ઈમ્પોર્ટન્ટ છે.

સ્ટાર્ટઅપ શરૂ કરતાં પહેલાં ઘણું પ્લાનીંગ કરવામાં આવતુ હોય છે પરંતુ જ્યારે તેને પ્રેક્ટિકલી ચલાવવાની ચેલેન્જ હોય છે ત્યારે તમારા ચીજો પ્લાનીંગ પ્રમાણે નથી ચાલતી તેથી પેશન્સ રાખવી અગત્યની છે અને સેટબેકને સ્વીકારવાની આવડત જરૂરી છે.

કોઈ વખત એવું પણ બની શકે છે સ્ટાર્ટઅપ માટે શરૂઆતનો સમય સારો હોય અને સારો રેકોર્ડ અને એચીવમેન્ટ મળી શકે પરંતુ આગળ જતાં તે ડલ થઈ જાય ત્યારે ઈનોવેશન્સ જરૂરી છે. નવા આઈડીયા સાથે પોતાના વિચાર પર કાયમ રહેવું જરૂરી છે.

જેલોકો સ્ટાર્ટઅપમાં સક્રિય છે તેમના માટે રિલેશનશીપ અને નેટવર્કીંગ થી વધુ અગત્યની બાબત છે ડેટા કલેક્શન, કમ્યુનિકેશન, નેગોશીયેશન ખુબજ જરૂરી છે. માર્કેટમાં એક્ટિવ હોય

તેવા લોકો અને ટાઈઅપ્સ જરૂરી છે. સ્ટાર્ટઅપનો મતલબ સમાધાન. જો તમે સ્ટાર્ટઅપ કંપની શરૂ કરવા ઈચ્છતા હો તો કોઈ સમસ્યાના સમાધાન સાથે સામે આવવું પડશે.

એક કહેવત છે કે જરૂરિયાત જ શોધની જનની છે. આ જરૂરિયાતને કેવી રીતે પુરી કરી શકાય અને કોઈ પ્રોબ્લેમનું સોલ્યુશન કેવી રીતે લાવી શકાય તે આઈડિયા સ્ટાર્ટઅપ બની શકે છે.

જ્યારે જરૂરિયાત હતી ત્યારે આપણા પૂર્વજોએ પણ એ સમયમાં 'રૂ'ની કંપનીઓ ખોલીને સ્ટાર્ટઅપ અનોખી રીતે શરૂ કર્યું હતું. અરે ઘણા તો બે ચોપડી પણ ભણ્યા ન હતા. ખરેખર એમને સ્ટેન્ડીંગ ઓવેશન આપીને સેલ્યુટ કરવા જોઈએ.

આપણે ત્યાં સ્ટાર્ટઅપ કેમ ન ચાલી શકે તેનું કારણ મને


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.


મળી ગયું. હમણાં વોટસ્એપ પર એક મેસેજ વાઈરલ થયો, તેમાં મને સમજ પડી કે આપણું જે પેરેન્ટિંગ છે તેમાં સ્ટાર્ટએપ માટે બીલકુલ જગ્યા નથી. આ મેસેજ આ પ્રમાણે છે : ભગવાન શ્રીકૃષ્ણને એક રાતના સપનું આવે છે. જેમાં એમને દેખાય છે કે એક ગાય પોતાના નવનીત વાછરડાને પ્રેમથી ચાટી રહી છે. ચાટતા-ચાટતાં એ ગાય પોતાના વાછરડાની કોમલ ખાલને બહુ જ ખરાબ રીતે છોલ છે, જેમાંથી લોહી નિકળે છે. છેવટે એ વાછરડું બેહોશ થઈને નીચે પડી જાય છે.

શ્રીકૃષ્ણ સવારના ભગવાન નેમિનાથ પાસે આવીને આ સપનાનો અર્થ પુછે છે ત્યારે ભગવાન કહે છે, 'આ કલિયુગનું લક્ષણ છે.'

કલિયુગમાં માતા-પિતા પોતાના સંતાનોને એટલો પ્રેમ કરશે, એટલો પ્રેમ કરશે જેનાથી સંતાનો પાંગળા થઈ જશે. તેમને સુખ-સગવડોમાં ડુબાડી દેશે જેનાથી પોતાને તો હાનિ થશે પણ સમાજને બહુજ નુકસાન થશે. પર્યાયે દેશને પણ નુકસાન થવાનું જ.

માતા-પિતા પોતાના સંતાનોને મોબાઈલ, લેપટોપ, ટેબલેટ, બાઈક, કાર, કપડા અને ફેશનની દરેક સામગ્રી સહજતાથી ઉપલબ્ધ કરાવશે. જેનાથી પોતાના સંતાનો પાંગળા બની જશે. તેમની બુદ્ધિ કુંઠિત થઈ જશે, તેઓ આળસુ બની જશે. ઘરની બહાર જતાં એમને ડર લાગશે જેથી તેઓ સ્ટાર્ટઅપ માટે કોઈપણ નવો વિચાર, નવા આઈડિયાઝને અમલમાં મૂકી નહિં શકે. આપણી પાસે બધું જ એવેલેબલ છે પરંતુ આપણા સંતાનો ડરીને જીવન જીવશે. કોઈપણ સામે પોતાના આઈડિયા શેર કરતાં ડરશે.

ઈન્ટરનેટથી સ્ટાર્ટઅપ ઊભા કરી શકાય છે. ફ્રીલાન્સિંગ પર ૧ કરોડ જોબ છે અને ત્યાં ૨ કરોડ એમ્પ્લોઈઝ કામ કરે છે. ટંગર અને ફ્રી રાઈસ જેવી સાઈટથી હૈદ્રાબાદથી ઈથોપિયા સુધી ખાવાનું પુરું પાડી શકે છે. ઘણા આઈડિયા છે પણ આપણાં સંતાનોના દિલમાં આગ નથી જે આપણા પૂર્વજોમાં હતી. વગર ભણે એ આગથી એમણે કેડીઓનું સામ્રાજ્ય (રૂ બજાર) ભારતમાં અને વિશ્વમાં ઉભું કર્યું હતું.

આજે જ્ઞાતિ પાસે અઢળક સંપત્તિ છે, જ્ઞાતિ પોતાના યુવાનો માટે છૂટે હાથે દિલથી પૈસા ખર્ચે છે પણ યુવાનોના દિલમાં જ્યાં સુધી આગ પ્રગટે નહી ત્યાં સુધી બધું નિરર્થક છે.

આપણા યુવાનોની ક્ષમતા જો સ્ટાર્ટઅપમાં દેખાઈ આવે તો એમના દ્વારા ઘણી નોકરીઓ પેદા થઈ શકે એમ છે અને સમાજમાં પરિવર્તન લાવી શકાય તેમજ આપણને વિદેશી કંપનીઓ પર નિર્ભર નહીં રહેવું પડે. બાબા રામદેવ એનો તાજો દાખલો છે. વડાપ્રધાન જેમણે સ્ટાર્ટએપ ઈન્ડિયા પ્રોગ્રામ લાવ્યા છે તેઓનું મિશન પણ સાર્થક બની રહે. અસ્તુ.

## કે.ડી.ઓ. સી.એ. એસોસીએશન દ્વારા અરિહંત બેંકના સહકારથી પ્રોફેશનલસ, પ્રોફેશન અભ્યાસના વિદ્યાર્થીઓ ઉદ્યોગકાર, વ્યવસાયકાર માટે જીએસટી વિશે સેમિનાર

કે.ડી.ઓ. સી.એ. એસોસીએશન દ્વારા અરિહંત બેંકના સહકારથી પ્રોફેશનલસ, પ્રોફેશન અભ્યાસના વિદ્યાર્થીઓ ઉદ્યોગકાર, વ્યવસાયકાર માટે જીએસટી વિશે સેમિનારનું આયોજન શનિવાર, તા. ૨૨-૧૦-૨૦૧૬ના સાંજે ૪.૩૦થી ૮.૩૦ વાગ્યા સુધી કે.જે. સોમૈયા મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટના તક્ષશીલા ઓડિટોરિયમ, ચાણાક્ય બિલ્ડીંગ, ૪થે માળે, વિદ્યાવિહાર (ઈસ્ટ), મુંબઈ ખાતે કરવામાં આવ્યું છે.

### મુલુન્ડમાં મહાકાળી માતાની ભાવના

શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ, મુલુન્ડ દ્વારા આયોજીત શ્રી મહાકાળી માતાજીની આગામી ભાવના તા. ૬/૧૧/૨૦૧૬ના રવિવારના રાતના ૮.૩૦ કલાકે શ્રી વાસુપુજ્ય જિનાલયે રાખેલ છે. જેનો લાભ શ્રી ટોકરશી દામજી ધરમશી પરિવાર - જશાપરવાળાએ લીધેલ છે. રીધ્ધી સીધ્ધી મંડળ પધારશે.

## દ્વિતીય પુણ્યતિથી



જન્મ :
તા. ૯-૧૨-૧૯૫૦

દેહ વિલય :
તા. ૧૫-૧૦-૨૦૧૪

### અ.સૌ. સ્વ. યશવંતી મુલચંદ ઉમરશી મૈશેરી

(મોટી સિંધોડી)

આપના પુણ્ય આત્માને આ જગતને અલવિદા કરવાને બે વરસ પૂરા થયા. જાણે બે યુગ વીતી ગયા. આપના હૃદયની સરળતા, દરેક સાથે લાગણીશીલ સ્વભાવ, અતિથી દેવોભવની ભાવના, કર્મ ભોગવવાની મનોબળતા તથા અરિહંત, અરિહંતનું સતત રટણ પ્રેરણારૂપ છે.

**આપ જ્યાં હો ત્યાં પ્રભુ તમને શાંતી, સુખ, સમૃધ્ધિ અર્પે એજ પ્રાર્થના.**

❖ અશ્રુભિની શ્રધ્ધાંજલિ ❖

પતિ : **મુલચંદ ઉમરશી ટોકરશી મૈશેરી**
પુત્ર-પુત્રવધુ : **અ.સૌ. તેજલ ગૌતમ મૈશેરી** (જયરાજ, જીલ)
પુત્રી-જમાઈ : **અ.સૌ. દર્શના વિશાલ શાહ** (પ્રીત)

### સમસ્ત ક.દ.ઓ. મહાજનના ટ્રસ્ટ બોર્ડની સભામાં ડિસેમ્બર ૨૦૧૭માં સંમેલન યોજવાનો નિર્ણય

સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનના ટ્રસ્ટ બોર્ડની રવિવાર, તા. ૨-૧૦-૧૬ના રાષ્ટ્રીય શાળા, ઘાટકોપર ખાતે મેનેજીંગ ટ્રસ્ટી ચેતનભાઈ મુનવર (બેલારી)ની અધ્યક્ષતામાં મળેલી સભામાં ૧૯૯૧ના જ્ઞાતિ સંમેલનમાં પસાર થયેલા ઠરાવોની સમીક્ષા કરી, બાકી રહેતા કાર્યોની નોંધ કરવામાં આવી હતી. બધા જ્ઞાતિજનોને જીવન-માંદગી - અકસ્માત વીમાના છત્રમાં આવરી લેવા, લવાદ પંચ સક્રિય કરવા તથા સમસ્તનું મુખપત્ર શરૂ કરવાને અગ્રતા આપવામાં આવી હતી.

### શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડોની જાહેર ખબરમાં ભૂલ સુધાર

* ઉછામણીની જાહેરાતમાં પીન કોડ નંબરમાં એક "0" વધારે છે તેમજ ભાંડુપમાં ૮,૮૮૮ મણ પારણું ઝુલાવવાના નહીં પણ પધરાવવાના છે.
* કેટરીંગ ડેકોરેશનવાળી જાહેરાતની ત્રીજી લાઈનમાં માટને બદલે માટે વાંચવું.
* ઓનરશીપ ધોરણે ફ્લેટ જોઈએ તેની જાહેરાતમાં ઓફર ઈમેઈલથીanantnathtrust@gmail.com પર મોકલવી એમ વાંચવું.

## મા. કુંવરબાઈ નરશીનાથા મહિલા ગૃહઉદ્યોગ

### દ્વારા સંચાલીત

જ્ઞાતીની મહીલાઓ માટે સંસ્થા ઘણા વર્ષોથી કાર્યરત છે. યોગ્ય પગાર, તેમજ અન્ય વિવિધ લાભો આપતી સંસ્થામાં કામ કરવા ઈચ્છતી જ્ઞાતી બહેનોને સુંદર તક છે. યોગ્ય લાયકાત મુજબ મહિલા મંડળમાં કામ કરવા ઈચ્છતી બહેનો અરજી કરીને જોડાઈ શકે છે. અને એ માટે નીચે આપેલ નંબરો પર સંપર્ક સાધશોજી. તેમજ જ્ઞાતીજનોને વિનંતી ગૃહઉદ્યોગ માં બનતી મીઠાઈઓને ફરસાણ, ખાખરા અને અન્ય વસ્તુઓ ખરીદશોજી.

**દિવાળીના ઑર્ડર નોંધાવશોજી.**

| | | |
|---|---|---|
| સંપર્ક : | **લહેરીન ખોના** | - 9820193339 |
| | **અજીત લોડાયા** | - 9869731912 |
| | **હિતેશ નાગડા** | - 9892185205 |
| | **મુકુંદ મોમાયા** | - 9867316567 |
| | **કલ્પેશ લોડાયા** | - 9833962299 |

## ભારતીય કન્યાઓ માટે દેશ-વિદેશની શિષ્યવૃત્તીઓ અને ફેલોશિપ્સ્

### A) જૈન અલ્પસંખ્યાંક મેઘાવી કન્યાઓ માટે મૌલાના આઝાદ રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ યોજના :

૧) અરજીપત્રક/ફોર્મ વેબસાઈટ www.maef.nic.in ઉપરથી ડાઉનલોડ કરીને. સંપૂર્ણ ભરીને સંબંધિત કાર્યાલયમાં ચાલુ દિવસે સવારનાં ૧૦ થી સાંજના ૫ વાગ્યાસુધીમાં જમાં કરાવી શકાય છે. ૨) S.S.C.માં લઘુત્તમ ૫૫% કાર્મસ્ પ્રાપ્ત કરેલાં હોવા જોઈએ. ૩) પારિવારીક આવક રૂા. ૧,૦૦,૦૦૦/- થી ઓછી હોવી જોઈએ. ૪) ધોરણ-૧૧મી માં પ્રવેશ થયાનો દાખલા સાથે સંબંધિત માન્યતાપ્રાપ્ત કૉલેજ/સંસ્થાનાં પ્રિન્સીપલ દ્વારા ચકાસણીસહ તેમની સ્વાક્ષરી સહી-શિક્કા સાથે અરજીપત્રક હોવી જોઈએ. ૫) આ શિષ્યવૃત્તિની કુલ રક્કમ રૂા. ૧૨,૦૦૦/- જેટલી છે... જે રૂા. ૬૦૦૦/- નાં બે હપ્તામાં મળશે. ૬) આવેદન-પત્ર દાખલ કરવાની અંતિમ તારીખ દર વર્ષે ૩૧ ઑગષ્ટ રહેશે. ૭) સંપર્ક કરો : મૌલાના આઝાદ શિક્ષા સંસ્થાન, સામાજીક ન્યાય સેવા કેન્દ્ર, ચેમ્સફર્ડ રોડ, નવી દિલ્લી - ૧૧૦ ૦૫૫. ટેલીફોન : (૦૧૧)- ૨૩૫૮ ૩૭૮૮ / ૨૩૫૮ ૩૭૮૯ વેબસાઈટ : www.maef.nic.in

### B) WOMEN SCIENTIST SCHEME :

વિજ્ઞાન અને તેનાં સંબંધિત ક્ષેત્રમાં કામ કરનારી [M.Sc.] અથવા પીએચડીની પદવીધારક મહિલાઓ માટે છે. આ યોજનામાં ત્રણ વર્ષમાટે ૨૩ લાખ રૂપિયા અથવા ૨૦ લાખ રૂપિયા સંશોધન માટે અનુદાન / ફેલોશિપ મળે છે. તેની વેબસાઈટ જુઓ... http://bit.ly/DB-1020

### C) S.O.F. GIRL CHILDS SCHOLARSHIP SCHEME :

ધોરણ-૧લી થી ધોરણ-૧૦મી માં સ્કુલ ભણતી કન્યા. જેણે પુર્વપરીક્ષામાં ૬૦% થી વધુ માર્કસ્ મેળવેલ છે અને તેનાં કુટુંબની વાર્ષિક આવક રૂા. ૧,૮૦,૦૦૦/- થી ઓછી હોય તે આ શિષ્યવૃત્તી માટે પાત્ર છે... શિષ્યવૃત્તીની રક્કમ રૂા. ૫,૦૦૦/- જેટલી છે. આ યોજનાની અંતિમ તારીખ ૩૧ ઑક્ટોબર, ૨૦૧૬ છે. જાણકારી માટે જુઓ વેબસાઈટ : http://bit.ly/DB-1021

### D) FOUNDATION FOR EXCELLENCE SCHOLARSHIP :

B.Tech./B.E. અથવા ઈંટિગ્રેટેડ ૫ વર્ષીય ડ્યુઅલ-ડીગ્રી M.Tech અથવા MBBSનાં પ્રથમ વર્ષમાં પ્રવેશ પામેલ જ વિદ્યાર્થીઓ આ યોજના માટે પાત્ર છે... આ યોજનાની અંતિ તારીખ ૩૧ ઑક્ટોબર, ૧૦૧૬ છે... વધુ માટે જુઓ વેબસાઈટ : http://bit.ly/DB-1022

સંકલન : **મહેશ કાંતિલાલ ભવાનજી મોતા**
(જલગામ-કુઆપધ્ધર), મો. નં. ૯૪૦૪૪ ૯૨૮૩૦

## હોમિયોપેથિક મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટરના સથવારે હોમિયોપેથીક કેમ્પ.

હાડકાનો કેમ્પ રવિવાર, તા. ૨૩-૧૦-૨૦૧૬ના સવારના ૧૨ વાગ્યાથી ૨ વાગ્યા સુધી શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટર, ચેમ્બુર ખાતે યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

કિડની, લીવર, સ્કિન તથા અન્ય રોગના દર્દીઓ માટે શનિવાર તા. ૨૨-૧૦-૨૦૧૬ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૪ વાગ્યા સુધી તથા રવિવાર તા. ૨૩-૧૦-૨૦૧૬ના સવારના ૯.૩૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી હોમિયોપેથીક મેડીકલ કેમ્પ યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

લાભ લેવા શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મોબાઈલ નંબર : 09619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

**આયરીસ બેંકવેટ** એ.સી. હૉલ
**Iris** Banquette
Ideal For :
• ENGAGEMENT
• WEDDING
• BABY SHOWER
• CONFERENCE
• GET TOGETHER
• MEETING - SEMINAR &
• ALL JOYOUS OCCASION
• સગપણ વિધિ
• લગ્નોત્સવ
• શ્રીમંત પ્રસંગ
• કોન્ફરન્સ
• ગેટટુગેધર
• મિટીંગ - સેમિનાર
બધા શુભપ્રસંગો માટે આદર્શ
Contact: Arvind Dand (Bayath) - 9892036390
Jayesh Dagha (Varadiya)-9702144031 / 25905257 / 67988758
Add.: Purshottam Kheraj Estate, Dr. Rajendra Prasad Road, Near Gyan Sarita School, Mulund (W), Mumbai - 80.
આપના શુભ પ્રસંગની બધી વ્યવસ્થા આત્મીયતાભાવે સોંપી જવાબદારી મુક્ત થઈ પ્રસંગ માણો

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
**અવસર સારીઝ**
* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ
૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

# ઋણાનુબંધ

**- ડૉ. આઈ. કે. વીજળીવાળા**



પરદેશની વાત છે. એક નિશાળમાં પાંચમા ધોરણનો વર્ગ શરૂ થવાને થોડીક વાર હતી. બધાં છોકરાંઓને થોડીક ઈંતેજારી પણ હતી, કારણ કે આજે એમના વર્ગમાં નવાં શિક્ષિકાબહેન આવવાનાં હતાં. આ વરસથી જ એમની નવી નિમણૂક થઈ હતી. ભણીને આવ્યાં પછી એમનો પણ નોકરીનો આ પ્રથમ જ દિવસ હતો. એમના માટે પણ આ નિશાળ અને આ વર્ગનાં બાળકો એટલાં જ નવાં હતાં જેટલા એ પોતે આ બાળકો માટે નવાં હતાં. વર્ગ શરૂ થવાનો બેલ પડ્યો.

પાંચમાં ધોરણનાં છોકરાંઓ આતુરતાપૂર્વક નવા શિક્ષકની રાહ જોવા લાગ્યાં. એ જ વખતે ખૂબ જ પ્રતિભાશાળી એક સુંદર યુવતીએ વર્ગમાં પ્રવેશ કર્યો. એ હતાં નવાં શિક્ષિકાબહેન. એમનું નામ હતું મિસિસ થોમ્પ્સન. આવતાંવેંત એમણે ક્લાસના છોકરાંઓનું અભિવાદન કર્યું. ત્યારબાદ સૌએ એક બીજાનો પરિચય આપ્યો. દરેક છોકરાએ ઉત્સાહપૂર્વક પોતાનું નામ-સરનામું કહ્યું. પણ ત્રીજી હરોળમાં બેઠેલો એક છોકરો કંઈ પણ બોલ્યા વિના બેઠો રહ્યો. એ પોતાનો પરિચય આપવા, પોતાનું નામ કહેવા પણ આગળ ન આવ્યો. એનો દેખાવ સાવ લઘરવઘર હતો. કંઈ કેટલાય દિવસથી નાહ્યો ન હોય તેવું લાગતું હતું. વાળ પણ વીંખરાયેલા. કપડાં પર તો મળી જામી ગયેલી. એ કદાચ ગંધાતો પણ હશે જ, કારણ કે એની બાજુની બેઠક પર કોઈ બેઠું નહોતું અથવા બેસવા રાજી નહોતું. એને જોઈને જ શિક્ષિકાબહેનને સૂગ ચડી ગઈ. ઔપચારિકતા પૂરતું એમણે એનું નામ જાણી લીધું. એ છોકરાનું નામ હતું ટેડ. પરિચયનો સમય પૂરો થયા પછી શિક્ષિકાબહેને દરેક વિદ્યાર્થીને કહ્યું કે એ બધાને ખૂબ જ ચાહે છે. પણ સાચું જોતાં તો એમના મનના અકાદ ખૂણામાં ક્યાંક ટેડ પ્રત્યેનો તિરસ્કાર છુપાઈને બેસી ગયો હતો અને એ વાતની એમને પણ જાણ હતી.

ત્યાર પછી પાંચમા ધોરણના એ ક્લાસમાં ટેડ જાણે મશ્કરીનું એક પાત્ર બની ગયો હતો. મિસિસ થોમ્પ્સન એની મજાક ઉડાવવાનો એક પણ મોકો ચૂકતાં નહીં. શરૂઆતમાં તો એ વર્ગની કસોટીમાં ટેડનું પેપર તપાસતાં પણ ખરાં, પણ એકાદ બે વખત ટેડના શૂન્ય માર્ક આવ્યા પછી એમણે એક નવી રીત અપનાવી હતી. ટેડના પેપરના પહેલાં પાને સૌપ્રથમ મિસિસ થોમ્પ્સન એક મોટું લાલ મીંડું મૂકી દેતાં, નાપાસની નિશાની કરી નાખતાં અને ત્યાર પછી જ એના પેપરમાં નજર નાખતાં. આમેય ટેડના અક્ષર એટલા બધા ગડબડિયા થતા કે કોઈ ભાગ્યે જ એ ઉકેલી શકે. પોતાને વારંવાર શૂન્ય માર્ક જ મળતા છતાં ટેડ તો જાણે આ બધી વસ્તુઓ પ્રત્યે કંઈ જ બન્યું ન હોય તેમ વર્તતો. કંઈ પણ પ્રત્યાઘાત આપ્યા વિના એ નીચું જોઈને બેઠો જ રહેતો. આખો ક્લાસ અને મિસિસ થોમ્પ્સન પણ એના શૂન્ય માર્કની ઠેકડી ઉડાવતાં હોય ત્યારે એ પગના અંગૂઠાથી જમીન ખોતરતો રહેતો.

હવે એ નિશાળના કાયદા પ્રમાણે દરેક વર્ગશિક્ષક કે શિક્ષિકાએ પોતાના દરેક વિદ્યાર્થીનો આગળના દરેક વરસનો રેકોર્ડ વાંચી જવો ફરજિયાત હતો. એક વખત પ્રિન્સિપાલે મિસિસ થોમ્પ્સનને આ અંગે પૂછ્યું તો એમણે કહેલું કે ટેડ સિવાયના દરેક વિદ્યાર્થીનો રેકોર્ડ એમણે વાંચી લીધો છે. ટેડનો રેકોર્ડ પણ સત્વરે વાંચવાની એમણે તાકીદ કરી ત્યારે એક રવિવારે એમણે ટેડનો પાછળનો રેકોર્ડ હાથમાં લીધો.

ટેડના પ્રથમ ધોરણના વર્ગશિક્ષિકે લખેલું કે, 'ટેડ એક ખૂબ જ હસમુખો અને હોશિયાર છોકરો છે. એના અક્ષર બધાં કરતાં સુંદર અને મોતીના દાણા જેવા

*અંતર મમ વિકસિત કરો અંતરતર હે -*
*નિર્મલ કરો, ઉજ્જવલ કરો, સુંદર કરો હે.*

થાય છે. આટલો ઉત્સાહી, જીવંત અને વિવેકી છોકરો પ્રથમ કક્ષાના વર્ગમાં બીજો એક પણ નથી. એ કદાચ ભવિષ્યનો કોઈ ખૂબ જ તેજસ્વી સિતારો છે. I wish all the best to him. હું એને એક ઉજ્જવળ ભવિષ્ય માટેની અંતઃકરણની શુભેચ્છાઓ પાઠવું છું!'' આ વાંચીને મિસિસ થોમ્પ્સનને નવાઈ લાગી, કારણ કે આજના ટેડ સાથે આમાંથી એક પણ શબ્દનો મેળ ખાતો નહોતો. એમણે આગળ વાંચવાનું શરૂ કર્યું.

બીજા ધોરણના વર્ગશિક્ષકે નોંધ કરી હતી કે, 'ટેડ અત્યંત હોશિયાર અને ચપળ છોકરો છે. વર્ગના દરેક વિદ્યાર્થીનો એ માનીતો છે પણ પાછલા થોડાક દિવસથી એ થોડોક બેધ્યાન બની ગયો છે. એનું કારણ કદાચ એની માતાને છેલ્લા તબક્કાનું કેન્સર છે એ પણ હોઈ શકે. સાંભળવામાં આવ્યા મુજબ એના પિતા દારૂડિયા છે. એના ઘરની આવી પરિસ્થિતિની ખરાબ અસર ટેડ પર સ્પષ્ટપણે દેખાઈ રહી છે....' આ વાંચ્યા પછી મિસિસ થોમ્પ્સનને એક આઘાત જેવી લાગણી થઈ.

ત્રીજા ધોરણમાં વર્ગશિક્ષકની નોંધ હતી, 'માતાના મૃત્યુથી ટેડ ભાંગી પડ્યો છે. આટલો નાનો બાળક હંમેશાં ઉદાસ બેઠો રહે છે. ક્યારેક એકલો એકલો કંઈક બબડતો હોય છે. ક્યારેક એની આંખોમાં આંસુ ભરેલાં હોય છે. એ કંઈ જ બોલતો નથી. કોઈ સાથે હવે વાત પણ કરતો નથી. ભણવાના સંનિષ્ઠ પ્રયાસો છતાં એ ભણવામાં ધ્યાન નથી આપી શકતો. જો કોઈ યોગ્ય પગલાં નહીં લેવાય તો એવું લાગે છે કે એના કુમળા માનસને આવા આઘાતમાંથી પાછું નહીં વાળી શકાય.....' આવા પીડાતા બાળક માટે પોતાનું વર્તન કેવું ખરાબ રહ્યું હતું ? મિસિસ થોમ્પ્સનને પોતાની જાત માટે હવે શરમ આવવા લાગી હતી.

ચોથા ધોરણના વર્ગશિક્ષકે લખેલું કે, 'ટેડ કોઈ જ બાબતમાં રસ નથી લેતો. એનું જીવનસત્ત્વ જાણે સાવ હણાઈ ગયું છે. સાંભળવા મુજબ એના પિતા હવે ઘરે પણ નથી આવતા અને કોઈ બીજી સ્ત્રી સાથે રહે છે. ઘરડી દાદી જોડે રહેતો ટેડ રાત્રે મોડે સુધી દાદીને ઘરમાં મદદ કરવાને કારણે ક્યારેક ક્લાસમાં ઊંઘી પણ જાય છે. એને હવે એક પણ મિત્ર નથી. સાવ જ એકલો એ ક્યારેક રડતો પણ હોય છે. કોઈની સાથે એ વાત પણ નથી કરતો. પોતાના શરીર કે વાળની દરકાર પણ નથી રાખતો. ભગવાનને હું પ્રાર્થના કરું છું કે એ છોકરાને મદદ કરે....'

બસ ! આટલું વાંચતા જ મિસિસ થોમ્પ્સન ચોધાર આંસુડે રડી પડ્યાં. પહેલાં તો એમને પોતાની જાત માટે શરમ આવેલી પણ છેલ્લી નોંધ વાંચ્યા પછી તો એમને પોતાની જાત પર તિરસ્કાર વછૂટ્યો. એક નાનકડા અને નિર્દોષ જીવને પોતે અજાણતાં જ કેટલી ઈજા પહોંચાડી હતી ? ટેડ મેલોઘેલો હતો, લઘરવઘર હતો અને ગંધાતો હતો એ તો પોતે પણ જોયું, પણ એ શું કામ એવો હતો એ જાણવાની કોશિશ આ છ મહિનામાં એમણે ક્યારેય નહોતી કરી. એ ભણવામાં શૂન્ય માર્ક લાવતો હતો એ મોટા લાલ મીંડાથી પોતે સાબિત કર્યું હતું. પણ એ છોકરો શું કામ નાપાસ થતો હતો એ જાણવાની એમણે ક્યારેય ઈચ્છા પણ નહોતી કરી. શું ખરેખર પોતે એક સાચા શિક્ષકને છાજે એવું કાર્ય કર્યું હતું ખરૂં ? જરાય નહીં. ઊલટાનું એમણે તો એક વખોડવાલાયક કૃત્ય જ કર્યું હતું. મિસિસ થોમ્પ્સનને પોતાને પોતાની જાત માટે ધિક્કારની લાગણી થઈ આવી. રવિવારનો બાકીનો દિવસ એમણે રડવામાં જ કાઢ્યો.

બીજા દિવસનો સોમવાર એ નિશાળમાં નાતાલની રજાઓ પડતાં અગાઉનો છેલ્લો દિવસ હતો. એ દિવસે બધાં બાળકો શિક્ષક માટે નાતાલની ભેટ લાવે એવો શિરસ્તો હતો. પાંચમા ધોરણનાં બાળકો પણ મિસિસ થોમ્પ્સનને ભેટ આપવા માટે થનગની રહ્યાં હતાં. બેલ વાગ્યો. હળવા પગલે મિસિસ થોમ્પ્સન ક્લાસમાં દાખલ થયાં. આ છ મહિનામાં પ્રથમ વાર એમણે ટેડ સામે જોઈને સ્મિત કર્યું. પણ ટેડ તો સ્થિતપ્રજ્ઞની માફક કોઈ પણ હાવભાવ વિના જ બેઠો રહ્યો. હસ્યો પણ નહીં.

ભેટ આપવાનો સમય થતાં બાળકો એક પછી એક એમ પોતાની જગ્યાએથી ઊભાં થઈને આવતાં ગયાં. 'મેરી ક્રિસમસ મિસિસ થોમ્પ્સન !' કહી પોતાના હાથમાં રહેલ આકર્ષક રંગીન ચળકતાં કાગળોથી વીંટળાયેલા બોક્સ મિસિસ થોમ્પ્સનને આપતાં ગયાં.

*જાગ્રત કરો, ઉદ્યત કરો નિર્ભય કરો હે,*
*મંગલ કરો, નિરલસ નિ:સંશય કરો હે.*

આ બધા દરમિયાન ટેડ માથું ઝુકાવીને બેઠો હતો. બધાં વિદ્યાર્થીઓ પોતાની ભેટ આપીને બેસી ગયા. ત્યાર પછી ધીમેથી ટેડ ઊભો થયો. એના હાથમાં કરિયાણાની દુકાનેથી આવેલી કથ્થાઈ કાગળની કોથળી હતી. ટેડે ડૂચાની જેમ એ કોથળીને પોતાના હાથમાં પકડી હતી. થોડુંક ચાલ્યા પછી એ ખેંચાયો. બધાં છોકરાઓ એના હાથમાં ગંદી કોથળી જોઈને જોરથી હસવા લાગ્યાં. એની મશ્કરી કરવા લાગ્યાં. બંને હાથ વડે કોથળીને સજ્જડ રીતે પકડીને ટેડ ઝડપથી મિસિસ થોમ્પ્સન પાસે પહોંચ્યો. નીચું જોઈને એણે ખચકાતાં ખચકાતાં એ આપવા માટે હાથ લંબાવ્યો.

'મારા વહાલા દીકરા! ભેટ આપવા બદલ તારો ખૂબ ખૂબ આભાર!' કહી મિસિસ થોમ્પ્સને એના માથા પર પહેલી વાર સાચા દિલથી હાથ ફેરવ્યો. ટેડે પોતાની માતાના મૃત્યુ પછી કદાચ પ્રથમ વખત જ સાચી લાગણીનો સ્પર્શ અનુભવ્યો હશે. એણે પહેલી વાર મિસિસ થોમ્પ્સનની આંખમાં આંખ પરોવીને જોયું. મિસિસ થોમ્પ્સનની આંખમાં પસ્તાવાનાં આંસુની ભીનાશ સ્પષ્ટ ઊભરી આવી હતી. ટેડની આંખમાં પણ આવા સાચી લાગણીથી ભરેલા સ્પર્શ માટે આભારના હજારો શબ્દો અને સેંકડો વાક્યો લખાઈ ગયાં હતાં. એને બોલી બતાવવાની કોઈ જ જરૂર નહોતી. એ પછી ઝડપથી ચાલીને એ પોતાની જગ્યાએ જઈને બેસી ગયો.

મિસિસ થોમ્પ્સને એણે આપેલી કથ્થાઈ કાગળની કોથળી ખોલી. દરિયાને કાંઠેથી વીણેલાં છીપલાંનો એક કઢંગો પાટલો – બ્રેસલેટ એમાં હતો. ટેડે પોતે જાતે જ એ તૈયાર કરેલો. અમુક છીપલાં તો દોરામાં પરોવાતાં તૂટી પણ ગયાં હતાં. એની સાથે બીજી ભેટ હતી, પોણી વપરાઈ ગયેલી પરફ્યુમ સ્પ્રે (અત્તર)ની બાટલી! આખો વર્ગ ભેટમાં અપાયેલી આવી ભંગાર વસ્તુઓને જોઈને જોરજોરથી હસવા લાગ્યો, પણ મિસિસ થોમ્પ્સને બધાંને ચૂપ કરી દીધાં. ટેડ સામે જોઈ ખૂબ જ વહાલ સાથે કહ્યું, 'ટેડ દીકરા! સાચું કહું? આટલી સરસ ભેટ મને ક્યારેય કોઈએ આપી નથી. બીજા બધાએ તો મને સ્ટોર્સમાં તૈયાર મળતી વસ્તુઓ જ આપી છે, પણ તેં તો મારા માટેની ભેટ જાતે જ તૈયાર કરી છે ખરું ને? એટલે તારો આભાર સૌથી વધારે માનું છું! બોલ! સાચું કહે, તેં મારા માટેની આ ભેટ તારી જાતે છીપલાં પરોવીને તૈયાર કરી છે ને?' હકારમાં મસ્તક હલાવીને ટેડ નીચું જોઈ ગયો.

એ દિવસે બાકીના દરેક પિરિયડમાં મિસિસ થોમ્પ્સને એ બ્રેસલેટ પહેરી જ રાખ્યું. એ સાંજે એમના ઘરના મુખ્ય દ્વાર નીચેથી એક પત્ર સરકીને અંદર આવ્યો. એમાં લખ્યું હતું કે, 'મારી માતાના મૃત્યુ પછી તમે પહેલી એવી વ્યક્તિ છો જેણે મને સાચું વહાલ કર્યું હોય. તમે સૌથી સારાં ટીચર છો – ટેડ.' વાંચીને મિસિસ થોમ્પ્સનની આંખમાં આંસુ આવી ગયાં, પણ એમના દુખતા હૃદયને થોડીક શાતા વળી.

બીજે દિવસે ટેડ નહાઈને ક્લાસમાં આવ્યો હતો. એના વાળ પણ વ્યવસ્થિત રીતે ઓળેલા હતા. છ મહિનામાં કદાચ પ્રથમ વખત એણે કપડાં પણ ધોયેલાં પહેર્યાં હતાં. મિસિસ થોમ્પ્સનથી આ ફેરફાર અજાણ્યો નહોતો જ. ત્યાર પછી તો જાણે પાનખરના ઠૂંઠા ઝાડને વાસંતી વાયરો સ્પર્શી ગયો હોય તેમ ટેડ ઝડપભેર ખીલવા લાગ્યો. મિસિસ થોમ્પ્સન પણ એનું ખાસ ધ્યાન રાખતાં. ટેડનાં વખાણ કરવાની એક પણ તક એ જતી ન કરતાં. હવે ટેડ પણ એનો હકારાત્મક પ્રતિભાવ આપવા લાગ્યો હતો. નવમાસિક પરીક્ષાઓમાં ટેડ વર્ગમાં છઠ્ઠા નંબરે આવ્યો અને બાર માસિક પરીક્ષામાં ક્લાસમાં પ્રથમ! વરસ પુરું થયું એટલે એ ક્લાસના વિદ્યાર્થીઓનો વિદાયસમારંભ ગોઠવાયો ત્યારે ટેડ ખૂબ જ રડ્યો. મિસિસ થોમ્પ્સન પણ એટલું જ રડ્યાં. એ વખતે ટેડ એમનો સૌથી વહાલો અને માનીતો વિદ્યાર્થી બની ચૂક્યો હતો.

એક વરસ પછી ફરી એક વખત મિસિસ થોમ્પ્સનને ટેડનો પત્ર મળ્યો. એમાં એણે લખ્યું હતું કે હજુ એના માટે સૌથી શ્રેષ્ઠ વ્યક્તિ અને ઉત્તમ ટીચર મિસિસ થોમ્પ્સન જ છે અને જિંદગીમાં એ એમને ક્યારેય નહીં ભૂલી શકે!

એ પછી સમય સરકતો ગયો. છ-સાત વરસ પછી તો મિસિસ થોમ્પ્સન આ ઘટનાને લગભગ ભૂલી

*યુક્ત કરો હે સબાર સંગે, મુક્ત કરો હે બંધ,*
*સંચાર કરો સકલ કર્મે શાંત તોમાર છંદ*

જવા આવ્યાં હતાં. એવે વખતે ટેડનો પત્ર ફરી એક વખત આવ્યો. એણે લખ્યું હતું કે, 'મિસિસ થોમ્પ્સન, તમે મારી જિંદગીમાં સૌથી આદરણીય અને શ્રેષ્ઠ વ્યક્તિ આજે પણ છો. દાદીના મરી ગયા પછી મજૂરી કરીને ભણતાં ભણતાં મેં આજે હાઈસ્કૂલનો અભ્યાસ પૂરો કર્યો છે. આજે હું સમગ્ર બોર્ડમાં ત્રીજા નંબરે પાસ થયો છું. આ બધું તમારાં વહાલ અને કાળજીનું પરિણામ છે. હું હંમેશાં તમારો ઋણી રહીશ!' આંસુભરી આંખે મિસિસ થોમ્પ્સન કાગળ સામે જોઈ રહ્યાં.

એ પછી પાંચ વરસ સુધી ટેડના કોઈ જ સમાચાર એમને ન મળ્યા. બોર્ડની પરીક્ષા પછી એણે આગળ શું કર્યું એની પણ એમને કંઈ જ ખબર નહોતી. એવામાં એક દિવસ એક સરસ પરબીડિયું એમના દ્વાર નીચે એમણે જોયું. આ વખતે... - તમે મારા જીવનના સૌથી આદરણીય વ્યક્તિ છો... - એ વાક્યથી વધારે વિગત નહોતી લખી. બસ, હવે ટેડ એમને જલદી મળવા આવશે એવું લખેલું હતું. પણ આ પત્રમાં ટેડની સહી બદલાઈ ગઈ હતી. પત્રને અંતે જ્યાં એ 'ટેડ' એમ લખતો ત્યાં આ વખતે 'ડૉક્ટર થીઓડોર એફ. સ્ટોડાર્ડ, એમ.ડી' એમ લખેલું હતું. હા! ટેડ ડૉક્ટર બની ગયો હતો. મિસિસ થોમ્પ્સનની આંખમાંથી ટપકતાં હર્ષનાં આંસુથી ટેડની સહી ભીંજાઈ રહી હતી.

પત્ર મળ્યાના બે જ દિવસ પછી સવારના આઠ વાગ્યામાં મિસિસ થોમ્પ્સનનાં ઘરની ડોરબેલ વાગી. ખોલીને જુએ તો સામે એક પડછંદ અને ફૂટડો યુવાન ઊભો હતો. એની જોડાજોડ એનો હાથ પકડીને એક ખૂબ જ રૂપાળી યુવતી ઊભી હતી. યુવાને પૂછ્યું, 'ઓળખ્યો મને?' મિસિસ થોમ્પ્સન હજુ અવઢવમાં હતાં.

'હું ટેડ! અને આ મારી વાગ્દત્તા!' એટલું કહીને ટેડ મિસિસ થોમ્પ્સનનાં પગમાં પડી ગયો. એ પડછંદ ડૉક્ટર ક્યાંય સુધી એમના પગ પકડીને રડતો રહ્યો અને મિસિસ થોમ્પ્સનની હાલત પણ ક્યાં જુદી હતી? બંને કેટલીયે વાર સુધી રડ્યાં પછી સ્વસ્થ થયાં. ત્રણ દિવસ પછી ટેડનાં લગ્ન હતાં. એ પ્રસંગે મિસિસ થોમ્પ્સનને હાજરી આપવાનું આમંત્રણ આપવા માટે જ એ આવ્યો હતો. એમની પાસે આવવાનું વચન લઈને જ ટેડ અને તેની ભાવિ પત્નીએ વિદાય લીધી.

એના ત્રણ દિવસ પછી ચર્ચમાં ટેડના લગ્નની વિધિ શરૂ થઈ. રૂઢિ અને રિવાજ મુજબ જે જગ્યાએ ટેડની માતાએ બેસવાનું હોય ત્યાં ટેડે મિસિસ થોમ્પ્સનને આગ્રહપૂર્વક બેસાડ્યાં. એમના શરીર પરથી આવતી પરફ્યુમની સુગંધ ટેડ તરત જ ઓળખી ગયો. આ એ જ સ્પ્રે હતો જેની પોણી વપરાયેલ બાટલી ટેડે પાંચમાં ધોરણમાં નાતાલ વખતે એમને ભેટ આપેલી. ટેડે મિસિસ થોમ્પ્સનને કહ્યું કે, 'મેમ! કદાચ તમને ખ્યાલ નહીં હોય, પણ આ સ્પ્રેની પોણી બાટલી મારી માતાએ વાપરેલી. બાકીની પા બાટલી મેં તમને આપેલી. આજે એ સ્પ્રે છાંટીને તમે ફક્ત મારી માતાની જગ્યા પર નથી બેઠાં. પણ મને તો લાગે છે કે સાક્ષાત મારી માતા તરીકે જ પધાર્યાં છો. અને બીજી એક વાત : તમારો આભાર માનવા માટે મારી પાસે શબ્દો જ નથી, મને ડૂમો ભરાઈ આવે છે, પણ ખરા દિલથી કહું છું મિસિસ થોમ્પ્સન કે તમે જ એ વ્યક્તિ છો, જેણે મને મારી જાત માટે આદર શીખવ્યો છે. મારામાં પણ કંઈક સત્ત્વ પડેલું છે એ દેખાડવા બદલ અને હું પણ કંઈક કરી શકું છું એવો આત્મવિશ્વાસ મારામાં જગડવા બદલ હું હંમેશ માટે તમારો ઋણી બની ગયો છું...' ટેડ આગળ ન બોલી શક્યો. ભૂતકાળની દારુણ યાદો એની આંખોમાંથી આંસુસ્વરૂપે ટપકી રહી હતી.

'ના બેટા! એવું નથી.' મિસિસ થોમ્પ્સન બોલ્યાં, 'હકીકતમાં તો તેં જ મને શીખવ્યું છે કે હું પણ કંઈક અદ્ભુત કરી શકું છું. તું મળ્યો એ પહેલાં હું નિશાળની એક પગારદાર શિક્ષિકા હતી. કેમ ભણાવવું જોઈએ એ તો તું મળ્યો પછી જ સમજાયું. ચોપડાઓમાં રહેલા વિષયોની સાથે બીજું કંઈક પણ ભણવાની-ભણાવવાની દૃષ્ટિ તો તેં જ મને આપી હતી. એ માટે હું પણ તારી ઋણી બની ગઈ છું. મને એક શિક્ષકની સાથે એક માણસ પણ બનાવવા માટે તારું એ ઋણ હું ક્યારે ચૂકવી શકીશ?' મિસિસ થોમ્પ્સનનો હાથ ટેડને આશીર્વાદ આપવા લંબાયો. એ હાથમાં એમણે પેલું તૂટેલાં શંખલાનું બ્રેસલેટ પહેર્યું હતું.

●●●

*ચરણપદમે મમ ચિત નિઃસ્પંદિત કરો હે,*
*નંદિત કરો, નંદિત કરો, નંદિત કરો હે.*
*- રવીન્દ્રનાથ ટાગોર*

# પ્રવાસો યાત્રા બને છે ત્યારે

**- સૌરભ શાહ**



શહેરનું સળગતું કે ભેજથી રુંધાતું હવામાન છોડીને પ્રવાસે જઈ શકે તે વ્યક્તિ નસીબદાર કહેવાય. માથેરાન-મહાબળેશ્વર કે આબુ-સાપુતારા કે કુલુ-મનાલી કે ઊટી-કોડાઈ જવામાં કોઈ સાહસ નથી. ગુજરાતીને મન એરકંડિશન્ડ કમરાઓ અને રોજ નિતનવા ભોજનમાં જ પ્રવાસની ફળશ્રુતિ સમાઈ ગયેલી છે. આવા પ્રવાસો ક્યારે જીવનને અનુભવો નથી આપતા અને અનુભવો વિના પ્રવાસ યાત્રા નથી બની શકતો.

હિમાલયનો પ્રવાસ ટુ નાઈટ્સ થ્રી ડેઝના પેકેજ ડીલમાં થઈ શકતો નથી. હિમાલય જવા માટે બેન્ક બેલેન્સની નહીં એક આવેશની જરૂર હોય છે, જિંદગીને એની અખિલાઈમાં જોવાનો આવેશ. કાકાસાહેબ કાલેલકરે 'હિમાલયનો પ્રવાસ' કર્યા બાદ અદ્ભૂત પ્રવાસવર્ણનો લખ્યાં અને એમના સહપ્રવાસી સ્વામી આનંદે 'ઉત્તરાપથની યાત્રા : બરફ રસ્તે બદરીનાથ' પુસ્તક લખ્યું. સ્વામી સચ્ચિદાનંદે 'હિમાલયના હિંડોળે' લખ્યું. પારાવાર પ્રવાસ કરતા કેટલાક લોકો પોતાની મહત્તા જતાવવા પ્રવાસવર્ણનો લખતા હોય છે. કાકાસાહેબ, સ્વામી આનંદ કે સચ્ચિદાનંદજી આવા પ્રવાસી નથી. આ દરેકે પોતપોતાની જાતને ઓગાળી નાખીને પ્રવાસના અનુભવો આત્મસાત્ કર્યા છે. સ્વામી સચ્ચિદાનંદ સ્થળના વર્ણનને અથવા માહિતીના પ્રદાનને ગૌણ ગણી અનુભવના વર્ણનને પ્રાધાન્ય આપે છે. એમના કહેવા મુજબ પોતે સાહિત્યરસિક જીવ નથી, પણ ધર્મ તથા સમાજસુધારક જીવ છે. સ્વાભાવિક રીતે જ એમના પ્રવાસવર્ણનમાં કાકાસાહેબ કાલેલકર જેવું લલિતગદ્ય ન આવે પરંતુ તાર્કિકતા સાથેનું સરળ તથા સડસડાટ ગદ્ય જરૂર આવે.

સ્વામી સચ્ચિદાનંદ વિદેશયાત્રા દરમ્યાન ત્યાંની પરિસ્થિતિની તુલના ભારત જોડે કરીને એ દેશને ક્યારેક વખાણે છે અને વખત આવ્યે ભારત એ દેશ કરતાં ક્યાં ઊંચું છે એ અંગેનું તુલનાત્મક દૃષ્ટિબિંદુ પણ પ્રગટ કરે છે.

સ્વામી સચ્ચિદાનંદે 'પૃથ્વી-પ્રદક્ષિણા' પુસ્તકમાં એક અનુભવ પછી લખ્યું છે કે : 'પ્રવાસની ખરી મજા ભૂલા પડવામાં, ખોવાઈ જવામાં કે અન્ય કોઈ આપત્તિમાં આવતી હોય છે. આવા સમયે પ્રવાસીની હિંમત તથા સ્થાનિક પ્રજાની માનવતાનું માપ નીકળતું હોય છે. સચ્ચિદાનંદજીએ એક ઉત્તમ પ્રવાસીને છાજે એટલા અને એવા સંખ્યાબંધ રાષ્ટ્રોને તેમ જ એ રાષ્ટ્રોની પ્રજાની નજીકથી ઓળખવાની કોશિશ કરી છે. એક જગ્યાએ તેઓ લખે છે : 'લેવડદેવડમાં પ્રામાણિકતા, સચ્ચાઈ, સભ્યતા, સજ્જનતા - આ બધું મળીને પ્રજાનું ચારિત્ર્ય બનતુ હોય છે.' સચ્ચિદાનંદજીના મતે કોઈ પણ દેશનું મૂલ્યાંકન કરવા એ દેશનાં ત્રણ ક્ષેત્રો તપાસવાં જરૂરી છે : એક, તે દેશની સમૃદ્ધિ અથવા ગરીબી. બે, શાસનની સુવ્યવસ્થા અથવા કુવ્યવસ્થા. અને ત્રણ, પ્રજાનું ચારિત્ર્ય. 'આપણે અને પશ્ચિમ' નામના એમના એક અન્ય પ્રવાસલેખ સંગ્રહનો મૂળ ધ્વનિ એના શીર્ષક પરથી જ સ્ફુટ થઈ જાય છે. સિંગાપોર, ગ્વાટેમાલા, પેરુ, આર્જેન્ટિના, ઉરુગ્વે તેમ જ અમેરિકાનાં વિવિધ રાજ્યોના પ્રવાસો વિશે લખતી વખતે સ્વામી સચ્ચિદાનંદની કલમનું કેન્દ્ર આપણે અર્થાત્ ભારત અને ભારતીયજન હોય છે.

પહાડી પ્રદેશના લોકોની પ્રામાણિકતાના અનેક કિસ્સા સ્વામી સચ્ચિદાનંદે ટાંક્યા છે. એક જગ્યાએ લખે છે : અમે અમારો સામાન ખચ્ચર પર લાદીને

*લાગી રહ્યું છે સંસ્કૃતિ જાણે મરી ગઈ,*
*આ સૃષ્ટિ એની શોકસભા હોવી જોઈએ.*
*- હરીન્દ્ર દવે*

વિદાય થયા. બસ સ્ટેન્ડ ઊંચે પર્વત પર હતું અને અમે તળેટીમાં હતા એટલે ચડાઈ ચડવાની હતી. લોકોને પૂછ્યું કે ખચ્ચરવાળાને કેટલી મજૂરી આપીએ તો જવાબ મળ્યો કે દો-ચાર રૂપિયે કાફી હૈ. લગભગ બે કિલોમીટરની ચડાઈના આટલા જ? અમને નવાઈ લાગી. ગરીબાઈને કારણે પ્રજા અપ્રામાણિક બને છે તે વાદ તદ્દન ખોટી છે. અમને તો એના અનેક અનુભવ થયા છે કે ગરીબો કરતાં શ્રીમંતો જ વધુ અપ્રામાણિક હોય છે. અમે ખચ્ચરવાળાને બેચારને બદલે પંદર રૂપિયા આપ્યા તો તે રાજી રાજી થઈ ગયો. કાળી મજૂરી કરનારનું પેટ કદી ન કાપવું જોઈએ. મજૂરોનું પેટ કાપીને મોટી ફાંદવાળા જ્યારે યાત્રા કરવા નીકળે છે, ત્યારે પરમાત્મા મંદિર છોડીને બહાર જતો રહે છે. કલાકારોનું હૃદય ન કાપવું જોઈએ અને પ્રતિભાસંપન્ન મેધાવી પુરુષોનું મગજ ન કાપવું જોઈએ.'

સ્વામી આનંદના પુસ્તકમાં બે પુસ્તકો સામેલ છે. એક: ઉત્તરાપથની યાત્રા અને બે: બરફ રસ્તે બદરીનાથ. સ્વામી આનંદે એક મઝાની વાત લખી છે કે 'પહાડ પર રહેનારા લોકોને મેદાનના પ્રદેશોમાં ચાલવાનું નથી ફાવતું. પહાડના વાંકાચૂકાં, ઊંચાનીચા રસ્તાઓ પર સિફતથી ચાલનારા માણસો જ્યારે મેદાની પ્રદેશમાં ઊતરી આવે છે, ત્યારે બે પાંચ માઈલ ચાલતામાં તો ફેં ફેં થઈ જાય ને પેટમાં ગોટા ચઢે અને પગ સૂજી જાય.'

બરફ રસ્તે બદરીનાથ પહોંચીને સ્વામી આનંદ આકરી જાત્રાને અંતે મંદિરમાં ભગવાનના દર્શન પામે છે, ત્યારે પુસ્તકના અંતે તેઓ લખે છે: 'અને હજાર દિવેટની ઝળાંઝળાં આરતી અજવાળામાં ખુશી-આનંદે નાચતે જાત્રુટોળાને માથેથી દીનદયાળ પ્રભુ બદરીવિશાળની મરકમરક હસતી મૂર્તિને મારી જગ્યાએથી જ હું અતૃપ્ત નયને નીરખી રહ્યો.'

દરેક પ્રવાસમાં સૌથી મોટી મૂડી ખિસ્સામાં પડેલી કેશ કે ક્રેડિટ કાર્ડ્સ કે ટ્રાવેલર્સ ચેક નથી હોતી, હૃદયમાં સંઘરેલી શ્રદ્ધા હોય છે. એ શ્રદ્ધા ઈશ્વર પ્રત્યેની હોઈ શકે, કુદરત પ્રત્યેની હોઈ શકે અને માણસ પ્રત્યેની પણ હોઈ શકે. આવી શ્રદ્ધાઓથી દરેક પ્રવાસની કઠણાઈઓ સહન કરવાની મઝા આવે છે, પ્રવાસ યાત્રા બને છે......

ગુજરાતીઓ પ્રવાસ શા માટે કરે છે? રોમમાં રસપુરી અને પેરિસમાં પાતરાં ખાવાં? પ્રવાસનો હેતુ શો હોય? ધંધાર્થે કે સામાજિક-અંગત કામે થતાં પ્રવાસની વાત નથી. ફરવા જવું - એ અર્થના પ્રવાસની વાત છે.

ઘરની ચાર દીવાલની સલામતી છોડીને માણસ શા માટે ફરવા નીકળી પડતો હશે? એકવિધતાથી કંટાળીને? રોમાંચ કે થ્રિલ માટે? કેટલાક લોકો આરામ કરવા કે રિલેક્સ થવા બહારગામ જઈ આવતા હોય છે અને ઘરમાં પગ મૂકતાવેંત બોલતા હોય છે: 'હાશ, દુનિયાનો છેડો ઘર!' આરામ પણ જો થાક આપતો હોય તો પ્રવાસ માટે જવાની શી જરૂર? રિવાઈન્ડ થવા માટે? બેટરી રિચાર્જ કરવા માટે? નવાં સ્થળો, નવી ભૂમિ, નવા લોકો અને નવી સંસ્કૃતિ જોવા માટે? પ્રવાસ શા માટે થતો હશે?

ઉમાશંકર જોશીએ છેક ૧૯૩૨ના ઓગસ્ટમાં એક ગીત લખ્યું હતું જેનું મુખડું ખૂબ જાણીતું છે :

ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા
જંગલની કુંજ કુજં જોવી હતી;
જોવી'તી કોતરો ને જોવી'તી કંદરા
રોતાં ઝરણાંની આંખ લ્હોવી હતી.

ગુજરાતીઓ ખૂબ ભમતા હોય છે, ખૂબ ફરતા હોય છે, ખૂબ રખડતા હોય છે. આનંદભરી રખડપટ્ટી પાછળની દરેકની દૃષ્ટિ જુદી જુદી હોય છે. માણસ પ્રવાસેથી પાછો ફરે છે ત્યારે એની સાથેનું ખાખરા-થેપલાનું ભાથું પુરું થઈ ગયું હોય છે અને એક નવું ભાથું બંધાઈ ચૂક્યું હોય છે જે આજીવન ચાલવાનું હોય છે. સ્મરણોનું અને અનુભવોનું ભાથું મેળવીને માણસને પોતાની આંતરિક સમૃદ્ધિમાં વધારો થયેલો લાગે તો જ એ પ્રવાસ સફળ થયો ગણાય.

કવિ કલાપીએ મોટે ભાગે પદ્યમાં જ કામ કર્યું છે, ગદ્ય ખૂબ ઓછું લખ્યું છે અને જે લખ્યું છે એમાંનો એક હિસ્સો છે 'કાશ્મીરનો પ્રવાસ'. સો કરતાં વધુ વર્ષ પહેલાં, ૧૮૯૧ના ઑક્ટોબરની એકત્રીસમી તારીખે સવારે અગિયાર વાગે જેલમ નદીમાં હોડી પ્રવાસ કરીને કલાપી શ્રીનગર પહોંચે છે. એ વખતે

*ખોબો ભરીને અમે એટલું હસ્યા,*
*કે કૂવો ભરીને અમે રોઈ પડ્યાં.*

રાવળપિંડી થઈને શ્રીનગર જવું પડતું. દિવાળીના દિવસો હતા. પંદર દિવસ કાશ્મીરમાં રહ્યા પછી કલાપી લખે છે : 'અમારી કાશ્મીરની ટૂંકી મુસાફરી ઈશ્વરકૃપાથી ખુશી આનંદમાં પૂરી થઈ. કાશ્મીર એ સ્વર્ગ છે અને ત્યાં જવું એ મુશ્કેલ પણ છે. દેશનું યથાસ્થિત વર્ણન લખવું એ એક કવિનું કામ છે. તે કૈલાસ એવું છે કે ગમે તેવો કવિ તેને માટે અલંકારો લખે તો પણ અતિશયોક્તિ થવાની જ નથી.' કલાપીની કાશ્મીર ડાયરી એક કોલેજિયન કવિના પ્રવાસનિબંધ જેવી છે. ભરપૂર મુગ્ધતા, બિનજરૂરી વિગતો અને પ્રવાસકથાને સાહિત્યિક કૃતિ બનાવવાના આયાસનો ત્રિવેણી સંગમ.

એક અન્ય જૂનું પ્રવાસવર્ણન છે વિક્રમ સારાભાઈ કુટુંબના લીના મંગળદાસનું. લીના મંગળદાસે પોતાના સિદ્ધિપ્રાપ્ત પરિવારની કથા 'અખંડ દીવો' પુસ્તકમાં કરી છે અને ૧૯૩૪ થી ૧૯૩૬નાં વર્ષો દરમિયાન લખાયેલી એમની ડાયરી 'સ્થળ ચિત્રો' નામે ૧૯૪૪માં પ્રગટ થઈ હતી. જે આજે અપ્રાપ્ય છે. આ બેત્રણ વર્ષના ગાળામાં બંગાળ, ઓરિસ્સા, બિહાર તેમ જ બે વાર યુરોપનો પ્રવાસ લીનાબહેને કર્યો ત્યારે તેઓની તરૂણ અવસ્થા હતી. પુસ્તકમાં, જોકે, યુરોપ યાત્રા વિશે નથી. શાંતિનિકેતન, વિશ્વભારતી અને કલાભવન વિશે વાત કરતાં ૧૯૩૪ના અરસામાં લીના મંગળદાસ લખે છેઃ 'આ જમાનો પરિવર્તનનો છે, સ્ત્રીપુરુષના સંબંધોમાં પણ જબ્બર પરિવર્તનો આવી રહ્યાં છે.... સ્ત્રીપુરુષોના સંબંધોમાં પણ હવે કેવા ફેરફારો આવશે તેની કલ્પના કરી શકાય તેમ છે. આ કલ્પનાને મૂર્ત કરવા કેટલાંક યુગલો પ્રયોગ કરે છે. તેવું એક યુગલ મિસ્ટર સી. અને મિસ એચ. નું છે.' આમ કહીને લેખિકા આ બેઉ સ્ત્રીપુરુષ પરણ્યા વિના કેવી રીતે એકબીજા સાથે કોઈક કોઈકવાર રહે છે એની વિગતો આપે છે ને કહે છેઃ 'તેઓ વચ્ચે બંધન કે દબાણને અવકાશ નથી. આમ રહેવાથી અરસપરસની લાગણીઓને સત્કારવાનો અને ઊર્મિઓને કટાઈ ન જવા દેવાનો સતત યત્ન તેઓમાં દેખાય છે.'

કોઈકને થશે કે આ બધી વાતો પ્રવાસવર્ણનમાં અપ્રસ્તુત છે. ના. પ્રવાસ દરમિયાન માત્ર નવાં સ્થળો જ નથી જોવાનાં હોતાં, નવા લોકો અને એ લોકોનાં વ્યક્તિત્વો પણ અનુભવવનાં હોય છે. લીના મંગળદાસે શાંતિનિકેતન જવાને બદલે અમદાવાદમાં પોતાના પ્રસિદ્ધ બંગલા 'રિટ્રીટ'ની બહાર નથી. નીકળવું એવું માન્યું હોત તો એ તરુણ ઉંમરે તેઓ સ્ત્રી-પુરુષ સંબંધોના એક નવા પરિમાણના પ્રત્યક્ષ પરિચયથી તેઓ વંચિત રહ્યા હોત એ શક્ય છે.

પ્રવાસો માણસને કુદરતની જ નહીં બીજા માણસોની પણ વધુ નિકટ લાવે છે......

અમૃતલાલ વેગડ 'લેખક' નથી છતાં અદ્દભૂત શૈલીમાં પ્રવાસવર્ણન લખે છે. એમનો પ્રવાસ મોટરગાડી કે વિમાનમાં બેસીને નથી થયો, પગપાળા થયો છે. 'પરિક્રમા નર્મદા મૈયાની' પુસ્તક માત્ર ટ્રાવેલોગ ન બની રહેતાં એક અનુભૂતિની યાત્રા બની જાય છે. અમરકંટક અને જબલપુર-ભેડાઘાટથી છેક ભરુચ-વિમલેશ્વર સુધીનો નર્મદાનો તટ અમૃતલાલ વેગડે પગ તળે કર્યો છે. આ નર્મદા પ્રવાસ શાસ્ત્રોક્ત નિયમાનુસાર કરેલી પરિક્રમા નથી પણ દિવાળી કે ઉનાળાની રજાઓ દરમિયાન કરેલી નર્મદાની તૂટક પદયાત્રાઓ છે. પણ આ યાત્રાઓ દરમિયાનની પ્રવાસીની ભાવના તીર્થાટન માટે નીકળેલા પરકમ્માવાસીની જ રહી છે એવી સ્પષ્ટતા અમૃતલાલ વેગડે પ્રવાસવર્ણનના આરંભે જ કરી દીધી છે. જંગલ, સાધુ અને નદીનું વિશ્વ અહીં ખુલે છે. સાથે છે ખપ પૂરતો સામાન અને અપાર અગવડોને વધારાના અનુભવમાં ગણી કાઢવાની તૈયારી. એક જગ્યાએ વેગડ લખે છે : 'એ સાચું કે નદીને બે કાંઠા હોય છે પણ આપણને કામ તો એ જ કાંઠો આવે છે જે આપણી બાજુ હોય છે. અહીં આપણે નહાઈ શકીએ, તરી શકીએ, પનિહારીઓ પાણી ભરી શકે અથવા ખેડૂતો એમનાં ખેતરો માટે પાણી લઈ શકે. આપણી બાજુનો કાંઠો આપણા માટે અનેક રીતે કલ્યાણકારી છે. સામા કાંઠાનો આપણા માટે આવો કોઈ ઉપયોગ નથી. માત્ર અહીં બેઠાં બેઠાં એનું સૌંદર્ય માણી શકીએ. તો એક રીતે કહી શકાય કે નદી સત્ય છે, આપણી બાજુનો કાંઠો શિવમ્ છે અને સામેનો કાંઠો સુંદરમ્ છે. સત્યમ, શિવમ્, સુંદરમ્!' આટલું કહ્યા પછી પંચ

*ખટમીઠા સપનાંઓ ભૂરાં ભૂરાં, કુંવારાં સોળ વરસ તૂરાં તૂરાં,*
*અમે ધુમ્મસના દરિયામાં એવાં ડૂબ્યાં, કે હોડી-ખડક થઈને અમો નડ્યાં.*

લાઈન હવે આવે છે : 'પરંતુ જે સામે કાંઠે રહેતા હોય, એમને એમનો કાંઠો શિવમ્ અને આપણો કાંઠો સુંદરમ્. આપણાથી ઠીક વિપરીત છતાં બન્ને સાચા!'

રસિક ઝવેરી અને ચં.ચી. મહેતાનાં પ્રવાસવર્ણનો રંગદર્શી વધારે હોય છે, એમાં કલ્પનાનો પાસ ચડ્યો હોય એવું ક્યારેક લાગે. વિનોદ ભટ્ટે ચં.ચી. વિશે એક વખત કહ્યું હતું કે, અગાઉ ચં.ચી. એ એસ.આર. ભટ્ટને પૂછ્યું હતું, 'ઝયાઁ પોલ સાર્ત્ર જીવે છે કે મરી ગયો?' 'કેમ?' એસ.આર. ભટ્ટે પૂછ્યું, 'મેં તેનો ઈન્ટરવ્યુ લખી નાખ્યો છે.' ચં.ચી. કહે. ભટ્ટ સાહેબે જણાવ્યું, 'એ હજી જીવે છે.' 'તો તો વાંધો નહિ...' ચં.ચી. એ શ્વાસ હેઠો મૂકતાં કહ્યું. વિનોદ ભટ્ટનો આ માત્ર વિનોદ હશે પણ એમાં ચં.ચી.નાં વિદેશપ્રવાસ અંગેના લખાણોમાંથી છૂપી રીતે દેખાતી અંગૂઠામાંથી રાવણ ચીતરવાની કળા તરફ ઈશારો છે. રસિક ઝવેરીની 'અલગારી રખડપટ્ટી' ખૂબ વંચાયેલી પ્રવાસલેખ શ્રેણી છે. વાડીલાલ ડગલીએ આ લેખો વિશે કહ્યું હતું કે 'આવું સચોટ, નિખાલસ અને સ્વયંભૂ વિલાયતવર્ણન આપણી ભાષામાં જોયું નથી.' લંડનની કાર્નેબી સ્ટ્રીટમાંથી રસિક ઝવેરી પસાર થતા હતા. એક વાર 'કિસ મી' એવો બિલ્લો પહેરીને ફરતી એક યુવતીને ઊભી રાખી મજાકમાં પૂછી લીધું, 'એક્સક્યુઝ મી, પણ આ બિલ્લાનો અર્થ શો? ડૂ યૂ રિયલી મીન ઈટ? કોઈ તને આ વાંચીને ચુંબન કરે તો તું શું કરે?' રસિક ઝવેરી આગળ લખે છે કે: 'યુવતી મારા સફેદ વાળ જોઈને હેતથી હસી પડી. કહેઃ આ વાંચીને હિંમતથી મને ચુંબન કરે એવા જણની તો હું રાહ જોઉં છું. વ્હાય ડોન્ટ યુ ડુ ઈટ? પૂછો છો શા માટે? ગો અહેડ!' રસિક ઝવેરી પર પ્રવાસવર્ણનોમાં નવલકથાના રંગ પૂરવાનો આક્ષેપ ભલે થયો હોય, એમની શૈલીને કારણે વાચકો 'અલગારી રખડપટ્ટી' એક જ બેઠકે વાંચી જાય છે.

ભોળાભાઈ પટેલ ભારતનો ખૂણેખૂણો ફરી વળ્યા છે તો પ્રીતિ સેનગુપ્તા દુનિયાના અનેક ખૂણાઓમાં ઘૂમી આવ્યા છે. બંગાળી પુરુષને પરણેલાં કવયિત્રી પ્રીતિ રહે છે અમેરિકામાં અને અનેકવાર સાવ એકલાં અજાણ્યા દેશોના સાહસિક પ્રવાસો કરે છે. 'પૂર્વા' એમનો પ્રથમ ટ્રાવેલોગ. ત્યારબાદ બીજાં અડધો ડઝન પ્રવાસ-પુસ્તકો લખ્યાં. 'કિનારે કિનારે' પુસ્તકમાં એમણે વેનિસનું એવું રળિયામણું વર્ણન કર્યું છે કે વેનિસ જતાં પહેલાં કોઈ પણ ગુજરાતીએ એટલાં પ્રકરણો અચુક વાંચી જવાં જોઈએ. વેનિસ એક નગરી એવી છે કે એના વિચારથી ને નામોચ્ચારણથી જ મન પુલકિત થઈ જાય છે એવું લેખિકાનું કહેવું છે. પ્રીતિ સેનગુપ્તાના વેનિસવર્ણનમાં વેનિસ ઈટાલીનું એક નગર મટી જાણે કોઈ આત્મીય વ્યક્તિ બની જાય છે. લેખિકા કહે છે : 'વેનિસની જટિલ ભુલભુલામણીમાંથી મનને છુટું પાડવું સહેલું નથી અને એના વિશેની વાત પૂરી કરવી પણ સહેલી નથી. પ્રિય પાત્રના સ્મરણથી જ આંખોમાં ચમક અને અધર પર જીવંતતા આવી જતી હોય છે.'

મોટા ભાગના ગુજરાતી લેખકો વિદેશમાં ફરતી વખતે સતત પોતાના ઘરનાં દાળભાતશાકરોટલીના વિરહમાં હોય એ રીતે અડધા ભૂખ્યા રહેતા હોય છે. વિવિધ વેજિટેરિયન વાનગીઓના સ્વાદ પણ આ ગુજરાતી લેખકોએ કેળવ્યો ન હોવાથી એમણે ભારતથી સાથે લાવેલા ખાખરા એફિલ ટાવર પર જઈને આરોગવા પડતા હોય છે. ચંદ્રકાન્ત બક્ષીએ દેશ-વિદેશના આઈસક્રીમો પર એક આખો રસપ્રદ લેખ લખ્યો છે. એમના પોતાના ઈતિહાસના બેકગ્રાઉન્ડને કારણે અલગ અલગ દેશોની વાતો દરમ્યાન આવતા એના ભૂતકાળના સંદર્ભો સાહજિક રીતે પ્રવાસલેખોમાં વણાઈ જાય છે. મોટાભાગના લેખકોમાં આવી વાતો આગંતુક લાગતી હોય છે, આયાસપૂર્વક ઉમેરાયેલી જણાતી હોય છે. સાનંદાશ્ચર્ય એ વાતનું છે કે બક્ષીનાં અન્ય કેટલાંક લખાણોમાં ગમે ત્યાંથી પ્રવેશી જતાં અહમ્ અને મિથ્યાભિમાન પ્રવાસવર્ણનોમાં સદંતર ગેરહાજર હોય છે. ચાર પ્રવાસવર્ણનોનાં પુસ્તકો ઉપરાંત ગુજરાતી જ્ઞાનવિજ્ઞાન શ્રેણીમાંનું ૨૧મું પુસ્તક 'વિદેશ' પણ ચંદ્રકાન્ત બક્ષીના એક સફળ પ્રવાસવર્ણનલેખક હોવાનો વધારાનો પુરાવો છે.

**(અનુસંધાન પાના નં. ૨૦ ઉપર)**

*ક્યાં છે વીંટી અને ક્યાં છે રૂમાલ? ઝૂરવા કે જીવવાનો ક્યાં છે સવાલ?*
*કૂવો ભરીને અમે એટલું રડ્યાં, કે ખોબો ભરીને અમે મોહી પડ્યાં.*
*– જગદીશ જોષી*

સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### પરજાઉમાં પર્યુષણ આરાધના

પરજાઉમાં શ્રી ચંદ્રપ્રભ સ્વામીની છાયામાં પર્યુષણ ધામધુમથી ઉજવાયા. કલ્પસૂત્ર- ૩૫૧ મણમાં માતુશ્રી ભચીબાઈ ધનજીભાઈ દંડ પરિવાર હસ્તે શા. ગુલાબભાઈ ધનજીભાઈ દંડ નાં ઘરે પધરાવવામાં આવેલ. પારણું- ૧૫૧ મણમાં શા. ઉમેશ હંસરાજ લાલકા પરિવાર હસ્તે મમતાબેન ઉમેશ લાલકાનાં ઘરે પધરાવવામાં આવેલ. સ્વપ્નનું કુલ ધૃત મણ ૫૦૦૦૦ થયેલ તથા કુલ ધૃત મણ - ૬૦૦૦૦ થયેલ.

શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન મુંબઈ મારફત બે બહેના : (૧) ખેતબાઈ લીલાધર ગાલા-ડુમરા તથા (૨) હીરાવંતીબેન લહેરચંદ ધરમશી-સુથરી પધારેલ. જેઓએ ખૂબજ સારી આરાધના કરાવેલ.

### શ્રી છત્તીસગઢ કચ્છી જૈન સંઘ રાયપુર

રાયપુરમાં પ.પૂ. શ્રી સમયગુણાશ્રીજી મ.સા. અને પ.પૂ. શ્રી શ્રુત ગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં ચાતુર્માસની આરાધના ચાલી રહી છે. જેમાં ''શ્રી ધર્મરત્ન પ્રકરણ શ્રાવકના ૨૧ ગુણ'' ઉપરાંત રોજ પ્રવચન અને ''સાગરદત્ત'' ચરિત્ર આદિનું વાંચન ચાલુ છે.


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...

તન મન ટુર એન્ડ ટ્રાવેલ્સ

9323360708/25903514-5-6

tanmantravels@yahoo.co.in

www.tanmantour&travel.com


વિદ્યાર્થીઓએ બનાવેલ દેશના પ્રથમ ઉપગ્રહના સફળ પ્રોજેક્ટનો ભાગ બનવા માટે અનુજ મંજુષા, રાજેન્દ્ર કુરૂવાને ખૂબ ખૂબ અભિનંદન... જ્ઞાતિના વિદ્યાર્થીઓ આવા અવનવા પ્રોજેક્ટમાં જોડાવું જ્ઞાતિને ગૌરવ અપાવે તેવી ભાવભરી અપેક્ષા.

**- ચીમન મોતા** *તન-મન પરિવાર*


શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★

SHIKHARJI Continental

MADHUBAN - JHARKHAND


|| શ્રી આશાપુરા માતાય નમઃ ||

## ક.દ.ઓ. પોલડીયા પરિવાર જોગ

**''ગોરંગબાલુડો'' પોલડીંયા પરિવાર આયોજીત (ગોએરસમા-રંગપુર-બારોઈ-બાયઠ-લુણી-ડુમરા)**

કચ્છ ઘણીયાણી કુળદેવીમાં આશાપુરા માતાજીની આઠમી પહેડીનું આયોજન

તા. ૨૫.૧૨.૨૦૧૬ રવિવારના રોજ અનંતસિધ્ધિ એ.સી. હોલ ભાંડુપ મધ્યે રાખવામાં આવેલ છે.

**આ પહેડી મહાપ્રસાદ પ્રસંગે છ એ છે ગામના પોલડીયા પરિવાર તથા નિયાણી બહેનોને સહ - પરિવાર પધારવાનું ભાવભર્યું આમંત્રણ પાઠવતા અમો અત્યંત હર્ષ અનુભવીએ છીએ.**

**સવારના ૮.૩૦ કલાકે મધુબન ગાર્ડન, ભાંડુપ થી વાજતે ગાજતે પૂ. માતાજીનો વરઘોડો શરૂ થશે અને હોલમાં ભાવભર્યું સ્વાગત થશે. ● સવારના ૯.૩૦ કલાકે સ્થાપના ● ૯.૪૫ કલાકે શાસ્ત્રોક્ત રીતે પૂજન ● ૧૦.૩૦ માતાજીને નૈવેદ્ય ● ૧૧.૪૫ મહા આરતી ● ૧૨.૧૫ પહેડીના લાભાર્થી પરિવારનું બહુમાન ● ૧૨.૩૦ થી રાસગરબા - ભજનોની રમઝટ ● ૨.૩૦ આભાર દર્શન અને પુર્ણાહુતિ.**

**પહેડીના લાભાર્થી પરિવાર : અ. સૌ. ટીના રાજેન્દ્ર વેલજી પોલડીયા, બાયઠ-જલગામ**

**આશીર્વાદ : માતુશ્રી રતનબાઈ વેલજી આણંદજી પોલડીયા પરિવાર તથા માતુશ્રી ધનબાઈ ધનજી માણેક મોમાયા વરાડીયા પરિવાર**

તો ચાલો આપણે સૌ પોલડીયા પરિવારો, નિયાણી બહેનો ના સથવારે ઢોલ - નગારા રાસગરબા તથા ભાવનાની રમઝટે માતાજીની પહેડીનો ભાવપુર્વક લાભ માણીએ.

લિ. **ગૌરંગબાલુડો પોલડીયા પરિવાર વતી,**

**શ્રી લક્ષ્મીચંદ લા. પોલડીયા** (લ.લા.પો) ● **શ્રી દીપક દામજી પોલડીયા** ● **શ્રી ભરત શીવજી પોલડીયા**

**કેતુલ પોલડીયા :** 98336 60353, **યોગેશભાઈ પોલડીયા :** 98693 38808 **ના જય માતાજી**

શ્રાવણ સુદ પાંચમના પ્રભુ શ્રી નેમનાથ જન્મોત્સવ પ્રસંગે નાના બાળકો દ્વારા જન્મ નાટિકા પ્રસ્તુત કરવામાં આવેલ.

સ્વતંત્રતા દિવસના અવસરે દેશભક્તિ આધારિત નાના બાળકોનો ફેન્સી ડ્રેસ કાર્યક્રમ થયેલ.

પ.પૂ. સાધ્વીજી દ્વારા નવકાર મંત્ર અનુષ્ઠાન કરાવેલ.

શ્રાવણ સુદ પૂર્ણિમાના ૨ દ્રવ્ય થી એકાસણા અને સમૂહ પાંખી પ્રતિક્રમણ કરવામાં આવેલ.

સાંકળી આયંબિલ, શ્રુત જ્ઞાન તપ અને ૨૪ તીર્થંકર તપ કરાવામાં આવ્યું.

### ''સોનથરી લેડીઝ વિંગ'' ના ઉપક્રમે

તા. ૨૪ થી ૨૯ સપ્ટેમ્બર ૨૦૧૬ પન્હાળા, અંબા ધામ, પાવનખિંડ રિસોર્ટની જાત્રા -પિકનિકનું આયોજન કરેલ. ૨૫ યાત્રિકો જોડાયા. પન્હાળામાં શ્રી મહાવીર સ્વામી જિનાલયમાં દર્શન - પૂજા કરી પૂ. શ્રી સર્વોદયસાગર મહારાજ સાહેબ આદિઠાણાને વંદન કરી, માંગલિક સાંભળ્યું. રિસોર્ટ, વોટરફોલ અને જંગલ સફારીની મોજ માણી.

### શ્રી શ્વેતાંમ્બર જૈન સંઘ - ખિરકીયા

ખિરકીયામાં પર્યુષણ આરાધના સાથે ઉજવાયા. સવારના સ્નાત્રપૂજા, બે ટાઈમ વ્યાખ્યાન, પ્રતિક્રમણ, સંધ્યા ભક્તિ ભાવના વગેરે પ્રોગ્રામમાં સર્વે ઉલ્લાસથી ભાગ લીધો.

આરાધના કરાવવા શ્રી સંજયભાઈ કાકરેચા મંડલોઈથી પધારેલ. સ્વપ્નનું કુલ ઘ્રુત રૂા. એક લાખ અઢાર હજાર થયું.

કલ્પસૂત્ર પધરાવવાનો લાભ તેમજ મોક્ષની બારી ખોલવાનો લાભ માતુશ્રી લક્ષ્મીબાઈ ભવાનજી નાગડા પરિવારે લીધો. પારણું પધરાવવાનો લાભ શ્રી અશોકકુમાર કોચર પરિવારે લીધું. છઠ્ઠના દિવસે શ્રી સંઘ તરફથી સ્વામી વાત્સલ્ય રાખવામાં આવેલ.

નવયુવક મંડળના અધ્યક્ષ શ્રી વિક્કીભાઈ નાગડા તથા ગ્રુપ દ્વારા સંગીતમંડળી સાથે સંધ્યા ભક્તિ ભાવનાની રમઝટ જમાવી. આઠેય દિવસ પ્રભુજીની સુંદર અંગરચના કરવામાં આવી. જીતલ યોગશ નાગડા, દિપલ વિક્રમ નાગડા, શ્વેતા ચંદ્રકાંત નાગડા તથા દિવ્યા પ્રતિક નાગડાએ કરેલ તેમનું પ્રભાબેન શાહ તરફથી બહુમાન કરવામાં આવેલ. પૂજા અરૂણ નાગડાએ મોટું પ્રતિક્રમણ કરાવેલ તેમનું બહુમાન કરવામાં આવેલ. યુવા ગ્રુપ દ્વારા જિનાલયને શણગારવામાં આવેલ. ચૈત્ય પરિપાટી તથા ગુરૂવંદન માટે ઈન્દોર, હાટપીપલ્યા, શિવપુરી વગેરે સ્થળે ગયેલ.

### ગાંધીધામમાં મહાકાળી ભાવના

શ્રી મહાકાળી જૈન મિત્ર મંડળ ભારતનગર, ગાંધીધામ (કચ્છ) દ્વારા ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિનામાં મહાકાળીની ભાવના રાખવામાં આવી હતી. ભારતનગર ઉપાશ્રયમાં તા. ૨૯/૮/૨૦૧૬ના શ્રી મહાકાળી માતાજી ભાવનાના ભાગ્યશાળી : અ. સૌ. હર્ષાબેન જયંતભાઈ લોડાયા, ગામ કોઠારા-ગાંધીધામવાળા તરફથી રાખવામાં આવી હતી. ભાવનામાં ઉદયભાઈ, મનીશભાઈ, જયંતભાઈ, શામજીભાઈ, વિપુલભાઈ, લીતેશભાઈ તથા શામજીભાઈ તથા ભક્તિબેન, નીલમબેન વગેરે રમઝટ જમાંવેલ.

ભારતનગર ઉપાશ્રયમાં તા. ૮/૯/૨૦૧૬ ના રાત્રે પણ શ્રી મહાકાળી માતાજીની ભાવનાના ભાગ્યશાળી : માતુશ્રી ચંદનબેન શાંતીલાલ મોમાયા ગામ સાંયરા-ગાંધીધામવાળા તરફથી રાખવામાં આવેલ. ભાવનામાં સારી સંખ્યા લાભ લીધેલ. ભાવનામાં મનીશભાઈ, જયંતભાઈ, લીતેશભાઈ, શામજીભાઈ, પ્રદીપભાઈ ખોના તથા ભક્તિબેન, નીલમબેન, મીનાબેન સારી એવી રમઝટ જમાંવેલ. ચંદ્રિકાબેન રાસની રમઝટ જમાવેલ.


ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)

મો. 098225 30391 મો. 088057 55551

યુ. કે. ખીમજી એન્ડ કં. હળદર - જનરલ વ્યાપારી

વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય

જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ

Sachi Jari maate real nam

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

Tel.: 2404 3995 / 93222 58574 રવિવારે બંધ

Originally at Zaveri Bazar since 1976

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર (વરાડીયા-મલકાપુર)

M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.

Asia's First ISO 9001:2000 Certified Gin Press

# જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨-૦૭-૧૬ | થાણા | પ્રચેત, ખુશ્બુ વરૂણ દંડ | વરાડીયા | પુત્ર |
| ૦૩-૦૮-૧૬ | જલગામ | હીમ, સોનમ ચંદ્રેશ હેમંત મચ્ચા | નાગ્રેચા (કચ્છ) | પુત્ર |
| ૦૪-૦૮-૧૬ | ગોરેગામ | મોક્ષ, ચેતન નીતિન કુરૂવા | ગોધરા | પુત્ર |
| ૧૮-૦૮-૧૬ | નાગપૂર | જશ, ફ્રેનલ ઋષી સત્યેન્દ્ર લોડાયા | કોઠારા | પુત્ર |
| ૨૮-૦૮-૧૬ | બરોડા | ક્રિયા, કૂંજન ધવલ રાજેશ રામજી નાગડા (પટેલ) | નલીયા | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧-૧૦-૧૬ | ડોમ્બીવલી | મિથુન ખુશાલ લાલજી લોડાયા | સાંધવ | ૨૯ |
| | થાણા | ઉર્વશી રમેશ અભેચંદ મોતા | વારાપધર | ૨૩ |
| ૦૨-૧૦-૧૬ | ભૂજ | પુષ્પક ખુશાલ લક્ષ્મીચંદ ખોના | જખૌ | ૨૭ |
| | જલગામ | ઝરણા સંજય મણીલાલ છેડા | સુજાપુર | ૨૫ |
| ૦૨-૧૦-૧૬ | અહમદનગર | રોહન હરીશ લાલજી લોડાયા | રાપરગઢ | ૨૬ |
| | ઘાટકોપર | ભૂમી ઉમેશ ભારમલ નાગડા | કુવાપધર | ૨૫ |
| ૦૨-૧૦-૧૬ | - | અમિત સુરેશ ધનજી લોડાયા | તેરા | ૨૫ |
| | - | પૂનમ પ્રતાપ હીરજી નાગડા | જખૌ | ૧૯ |
| ૦૬-૧૦-૧૬ | મુલુંડ | ધવલ ભરત શિવજી પોલડીયા | ડૂમરા | ૨૬ |
| | આદિપુર | જીલ દિલિપ ત્રીકમજી લાલકા | વારાપધર | ૨૩ |

### અંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨-૧૦-૧૬ | ઘાટકોપર | પ્રતિક હરેશ મંગળદાસ દોશી | વલ્લભીપુર | ૨૬ |
| | ડોમ્બીવલી | રૂચી વીરચંદ હીરજી લોડાયા | મંજલ | ૨૬ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬-૦૫-૧૬ | - | નયન મુલચંદ કાંકણ | સાંધણ | ૩૦ |
| | - | ખુશ્બૂ જયપ્રકાશ દંડ | લૂણી | ૨૮ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨-૧૦-૧૬ | ઘાટકોપર | ગીતાબેન રતિલાલ ધનજી અજાણી (લોડાયા) | કોઠારા | ૭૪ |
| ૦૩-૧૦-૧૬ | ભૂજ | હરીશ મેઘજી ગોવિંદજી નાગડા | પરજાઊ | ૮૮ |
| ૦૩-૧૦-૧૬ | અંધેરી | દિનેશ લાલજી શામજી ખોના | જખૌ | ૭૨ |
| ૦૬-૧૦-૧૬ | હુબલી | કાંતિલાલ ભવાનજી પદમસી મોમાયા | સાંયરા | ૬૮ |

## પ્રવાસો યાત્રા બને છે ત્યારે (અનુસંધાન પાના નં. ૧૭ થી ચાલુ)

રમણલાલ ચી. શાહે ‘પાસપોર્ટની પાંખે’ લખ્યું છે. ‘પાસપોર્ટની પાંખે’ ના ધારાવાહિક પ્રગટ થઈ રહેલા હપ્તામાં રમણલાલ ચી. શાહે પરદેશની કોઈ કોન્ફરન્સ વખતે શર્ટના ખિસ્સામાં કેવી રીતે શાહીનું મોટું ડબકી પડી ગયું અને પોતે કેવી રીતે બાથરૂમમાં જઈને એને ધોયું એ વિશે એક સંપૂર્ણ પ્રકરણ લખ્યું છે.

પ્રવાસો સ્મૃતિ આપે છે. પ્રવાસ કર્યા પછી માણસ વર્ષોનાં વર્ષ એને માનસિક સ્તરે માણતો રહે છે. ભૂતકાળ તથા સ્મૃતિ વિશે પ્રવાસકથા દરમ્યાન કાકા કાલેલકરે ‘હિમાલયનો પ્રવાસ’માં ‘ગયાનું શ્રાદ્ધ’ પ્રકરણના આરંભે જે ગદ્યખંડ લખ્યો તેને ટાંકીને આ પ્રવાસકથાયાત્રાનો અંત કરવો યોગ્ય છેઃ ‘દુનિયામાં દરેક વસ્તુ મરે છે, ફક્ત એક મરતો નથી ભૂતકાળ. ભૂતકાળ ચિરંજીવી છે. મહાસાગરમાં ઓટ આવે છે, ચંદ્રનો ક્ષય થાય છે, કુબેર નિર્ધન બને છે, પર્વતો ધોવાઈ જાય છે, સામ્રાજ્યો સ્મૃતિમાંથીય ભૂસાઈ જાય છે, પણ લોકક્ષયકૃત ભૂતકાળને ક્ષય નથી. ભૂતકાળ દહાડે દહાડે સમૃદ્ધ થતો જાય છે, પણ તમે એને સાચવી ન શકો, કારણ કે તમે તો વર્તમાનકાળમાં જ રહો છો. ભૂતકાળનું વૃક્ષ તમારે આંગણે રાખવું હોય તો તમારી પાસે અમાપ સ્મૃતિજળ હોવું જોઈએ.’

ભૂતકાળનું કામકાજ જરા વિચિત્ર છે. ઈચ્છવા છતાં એ ભૂલી શકાતો નથી અને ઈચ્છવા છતાં એ પાછો પણ આવી શકતો નથી.

●●●

## જ્વલંત સફળતા બદલ અભિનંદન : યશસ્વી ભાવિ માટે મંગલકામના ને શુભાશિષ






**ચિ. ફોરમ** અને **ચિ. કાવ્યા**એ **'નૃત્યભારતી ઈન્સ્ટીટ્યુટ'** થી ૭ વર્ષનું ભરતનાટ્યમ્ શૈલીનું પ્રશિક્ષણ લઈ આરંગેત્રમની સુંદર ને સફળ પ્રસ્તુતિ કરેલ છે. તેઓ પાશ્ચાત્ય નૃત્ય, લોકનૃત્ય અને ગરબામાં નિપુણતા ધરાવે છે ને અનેક પુરસ્કાર પ્રાપ્ત કર્યા છે. તેમાં વિશેષ ઉલ્લેખનીય છે :-

- નીલકંઠ વેલી ઘાટકોપરમાં ગણેશોત્સવ રજતજયંતી પ્રસંગે **Talent Show** માં ટ્રોફી (૨૦૧૬)
- ઘાટકોપર મેડીકલ એસોશીયેસનની **Talent Contest** માં ટ્રોફી (૨૦૧૫)
- પરબ સંસ્થા ના સંમારંભમાં નૃત્ય પ્રસ્તુતિ (૨૦૧૪)
- **K.D.O. Klassic** ની **Talent Competition** માં પ્રથમ પુરસ્કાર (૨૦૧૩)

દાદા-દાદી : **ડૉ. બી. સી. શાહ** અને **સ્વ. રીતાબેન** (ઉંજા-ઘાટકોપર)
નાના-નાની : **સ્વ. પ્રેમચંદ વીરચંદ નાગડા** અને **ભારતીબેન** (જખૌ-ચેંબૂર)
માતા-પિતા : **હેતલ** અને **ડૉ. અમીત શાહ**





**Abhishek Sha (Maisheri)**
April 1992 - B . Tech (IT)
Network Security Engineer
in CISCO, Bangalore

**Tanvi Maisheri**
November 1995
Final Year Fashion Designing
Bangalore

*With Best Wishes From :*
**Sri Pravinkant Manekji Parbat Family**
Coimbatore / Jakhau
**Sanjay and Beena Mysheri**
9442130716 / 9362330716
sanjaymysheri@gmail.com

જય સિધ્ધાચલ... જય આદીશ્વર....

।। શ્રી ગુણોદયપુરમ્ મંડન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।



# શ્રી શત્રુંજય મહાતીર્થે

## ગુરુ ગુણોદય સ્વર્ણિમ વર્ષીતપની અનુમોદનાર્થે

# શ્રી શત્રુંજય નવ્વાણું યાત્રાનું વિરાટ આયોજન

**નવ્વાણું નગરપ્રવેશ યાત્રા**
વિ.સં.૨૦૭૩
માગસર સુદ-૨ બુધવાર
તા.૩૦-૧૧-૨૦૧૬

**નવ્વાણું યાત્રા શુભારંભ**
વિ.સં.૨૦૭૩
માગસર સુદ-૩ ગુરુવાર
તા.૧-૧૨-૨૦૧૬

**નવ્વાણું યાત્રા પૂર્ણાહૂતિ**
વિ.સં.૨૦૭૩
મહા સુદ-૭ શુક્રવાર
તા.૩-૨-૨૦૧૭

-: દિવ્યકૃપાદાતા :-
શ્રી બહુંતેર જિનાલય મહાતીર્થ પ્રણેતા,ભારતદિવાકર,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા

-: પાવનકારી નિશ્રાદાતા :-
શ્રી બહુંતેર જિનાલય મહાતીર્થ પ્રતિષ્ઠાપક,સંઘશિરોરત્ન,તપસ્વીરત્ન,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.આદિ



**-: નિમંત્રક :-**

**શ્રી શત્રુંજય મહાતીર્થ નવ્વાણું યાત્રાના મુખ્ય સંઘપતિ પરિવાર**
પ્રેરણાસ્ત્રોતમૂર્તિ,નવકાર મહામંત્રારાધક,પ.પૂ.સુસાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.
ફરાદી (કચ્છ) નિવાસી માતુશ્રી લક્ષ્મીબેન ધનજી રાયમલ દેઢિયા
જોધપુર(રાજ.) નિવાસી માતુશ્રી મોહિનીદેવી નરપતચંદજી ભંડારીના આત્મશ્રેયાર્થે
**અ.સૌ.પૂર્ણિમાબેન શાંતિલાલ ધનજી રાયમલ દેઢિયા પરિવાર**
(અણમોલ જ્વેલર્સ એન્ડ દાગીના જ્વેલર્સ) એવં
**કચ્છ-ગચ્છ-સંઘ-સમાજના શ્રી સંઘપતિ પરિવારો**



ક્રમાંક......................

## યાત્રિક પ્રવેશ ફોર્મ

યાત્રિકનું પુરું નામ..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................
ફોન નં:-.......................................................... ,મોબાઈલ નં:-.......................................... ..........................................

***WhatsApp No.*******..........................................................Email** ..........................................................

**આટલું ધ્યાનથી વાંચીને ફોર્મ ભરવું.**

આરાધકનો
ફોટો

હાલમાં કોઈ તપશ્ચર્યા ચાલુ છે ?..
અગાઉ આપ નવ્વાણું યાત્રામાં જોડાયા છો ?... હા.............. ના.....................
નવ્વાણું યાત્રામાં આપના પરિવારના કોઈ સભ્ય જોડાયેલ છે ?.. હા........... ના.............
તેમનું નામ :-..........................................................................................
.........................................................................................ગામ :-..........................
હાલમાં કોઈ બીમારી હોય તો તેની વિગતઃ-..........................................................................
..........................................................................................................

**આરાધકનો આરાધક ભાવઃ-નવ્વાણું યાત્રા સંઘના નિયમોનું ચૂસ્તપણે પાલન કરવા કટીબધ્ધ છું નિયમાવલી મુજબ નિયમ પાલન કરવા પ્રયત્નશીલ રહીશ.**

ફોર્મ ભર્યાની તારીખ.......................  **આરાધકની સહી.:-**..........................................................

**પ્રવેશ ફોર્મ પરત કરવામાટે સરનામું**

-: મુંબઈમાં :-
શ્રી અખીલભારત
અચલ(વિધિપક્ષ)ગચ્છ શ્વે.જૈન સંઘ
૧૧૦,ન્યુ હનુમાન બીલ્ડીંગ, કેશવજી નાયક રોડ
મસ્જીદબંદર મુંબઈ નં-૪૦૦૦૦૯

-: મુંબઈમાં :-
શ્રી વાસુપૂજયસ્વામી જૈન દેરાસર
૫૪-૫૫ ઝવેર રોડ
મુલુન્ડ વેસ્ટ મુંબઈ નં-૪૦૦૦૮૦
(મુકેશભાઈ મૈશેરી)

-: કચ્છમાં :-
શ્રી બહુંતેર જિનાલય મહાતીર્થ
મુ.પો.તલવાણા , તા.માંડવી (કચ્છ)
પીનકોડ નં-૩૭૦૪૬૫
ફોન નં-૦૨૮૩૪-૨૭૫૫૫૦-૧-૨

-: પાલીતાણામાં :-
શ્રી ગુણોદયપુરમ્
કચ્છી ભવનની ગલીમાં
મુ.પો.પાલીતાણા (સૌરાષ્ટ્ર) જિ.ભાવનગર
પીનકોડ નં-૩૬૪૨૭૦
ફોન નં-૦૯૮૭૯૯૦૦૪૦૬-૦૯૪૨૮૪૯૯૯૪૨

**આ ફોર્મ ભરીને દિવસ સાતમાં મોકલી આપવાનું રહેશે.**

યાત્રિક ફોર્મ અંગે આખરી નિર્ણય આયોજક કમીટીનો રહેશે.

**આયોજક :-શ્રી સિદ્ધાચલમ્ જયાબેન વિશનજી મારુ જૈન ગુણોદય ફાઉન્ડેશન - ગુણોદયપુરમ્-પાલીતાણા**

## ધન્ય તમારી અઠ્ઠાઈની તપસ્યા, સ્વીકારો અમારી અનુમોદના...
## DHANYA TAMARI ATTAYEENI TAPSYA, SWIKARO AMARI ANUMODANA



નતાશા યતિન દૌલત
Natasha Yatin Daulat
૨૫ વર્ષ - 25yrs



ઋષભ કુમાર દૌલત
Rushabh kumar Daulat
૨૧ વર્ષ - 21yrs



સોહીલ રાજેશ દૌલત
Sohil Rajesh Daulat
૧૫ વર્ષ - 15yrs



રાહૈલ રાજેશ દૌલત
Rahail Rajesh Daulat
૧૦ વર્ષ - 10yrs

**Let your life be more meaningful by this good act of self purification**

**આપના આત્મશુધ્ધિકરણના આ સત્કર્મથી સમગ્ર જીવન વધુ સાર્થક થાવ**

-: અનુમોદના • Anumodana :-

માતા-પિતા : **સૌ. સોનલ રાજેશ દૌલત** • Parents : **Smt. Sonal Rajesh Daulat**

દાદા-દાદી : **સૌ. હીરાવંતી પ્રફુલ લક્ષ્મીચંદ દૌલત** • Grand Parents : **Smt. Heeravanti Praful Laxmichand Daulat**

વતન કચ્છ સુથરી, હાલ ફોનિક્સ - અમેરિકા • Native : Kutch , Suthari • Present Residence : Phoenix, USA

## મોટી સિંધોડી પર્યુષણ પર્વ ૨૦૧૬ની ભવ્યાતિ ભવ્ય ઉજવણી











C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (10-10-16)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2016
Posting : Monday / Tuesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# જ્ઞાતિના જણીતા વીમા એજન્ટ અને અગ્રણી શ્રી બીપીન નાગડાનું નવું એક સીમા ચિન્હ




જ્ઞાતિના જણીતા વીમા એજન્ટ તેમજ
અનંતનાથ જિનાલયના ટ્રસ્ટી
**શ્રી બીપીન પાશ્વીર નાગડા** (રંગપુર-મુલુંડ)
વીમા ક્ષેત્રે એક થી એક ઊંચા અને ઊંચા શિખરો
સર કરતા જાય છે.
જણીતી આરોગ્ય વીમા કંપની
એપોલો મ્યુનાંક હેલ્થ ઈન્સ્યુરન્સ કંપની લિમિટેડ દ્વારા
તા. ૨૪/૯/૨૦૧૬ના દિલ્હી પાસેના ગુરગાંવની ખાતે
યોજાયેલા સમારંભમાં **સીએમઓ કલબ ૨૦૧૫-૧૬ ના મેંબર બનાવી કાર ભેટ આપવામાં આવી હતી.**
આ કલબના સભ્ય થવા બદલ તેમને તા. ૨૫/૯/૨૦૧૬ થી
૩૦/૯/૨૦૧૬ એમ **૬ દિવસની પેરીસ, આર્મ્સડમ તેમજ બેલ્જીયમની આનંદદાયી ટ્રીપ ઓફર કરવામાં આવી હતી.**

**શ્રી બીપીનભાઈ**એ ધ ન્યુ ઇંડિયા એસ્યુરન્સ કંપની લિમિટેડના સર્વોચ્ચ સન્માન સમાન સી.એમ.ડી. કલબનું સભ્યપદ પ્રાપ્ત કરેલ છે તે એનાયત કરવાનો સમારંભ તા. ૨૬-૨૭ નવેમ્બર ૨૦૧૬ના કલકતા ખાતે યોજાશે.



**Everything in Insurance**
(Life/Pension/General/Fire)
An ISO 9001 : 2008 certified company

ISO 9001:2008 INSURANCE SERVICES CERTIFIED COMPANY
*You're safe in our hands.*
SINCE 1977

MEMBER — CHAIRMAN CLUB FOR AGENTS

## BIPIN NAGDA

India's Leading Insurance Agent, Since 40 years

Bipin Nagda Ins. & Fin. Services, 682, Ajanta Compound, Bhiwandi, Thane - 421305
Tel. : 02522 - 254012 / 254013 Mobile : 93235 25000
bipinpnagda@gmail.com | bipinnagda@bipinnagda.com | www.bipinnagda.com
Timing : 8 am to 8 pm • Sunday : 8 am to 1 pm

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,